પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૭૨ • કુલ પાના : ૪ • તારીખ : ૧૩-૦૭-૨૦૨૨ બુધવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### દેશનાં ૨૫ રાજ્યમાં વરસાદ

## મધ્ય પ્રદેશના ૩૩ જિલ્લામાં ભારે વરસાદનું એલર્ટ : ગુજરાતના ૬ જિલ્લામાં પૂર, રાજસ્થાન-મહારાષ્ટ્રમાં પણ ચેતવણી



નવીદિલ્હી,

આસામ,ગુજરાત અને મહારાષ્ટ્ર બાદ હવે મધ્ય પ્રદેશમાં પણ ભારે વરસાદનું હાઈ એલર્ટ આપવામાં આવ્યું છે. મોસમ વિભાગની માહિતી પ્રમાણે મધ્ય પ્રદેશના ભોપાલ, ઈંદોર અને જબલપુર સહિત ૩૩ જિલ્લામાં ભારે વરસાદ અને પૂર અંગે એલર્ટ આપવામાં આવ્યું છે. છેલ્લા બે-ત્રણ દિવસથી રાજ્યમાં ધીમો ધીમો વરસાદ વરસી રહ્યો છે.

બીજી બાજુ, તેલંગાણામાં ગોદાવરી નદી બીજા ખતરનાક સ્તરના નિશાનને પાર કરી લીધુ છે. વોટર લેવલ ૫૦.૪ ફૂટ સુધી પહોંચી ગયું છે. જેથી ભદ્રાચલમમાં પૂર આવવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. કર્ણાટકમાં પણ હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

દિલ્હી-એનસીઆર તથા મધ્ય પ્રદેશમાં વરસાદ થયો હતો જ્યારે રાજસ્થાનમાં આગામી બે દિવસમાં વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત બિહાર, ઝારખંડ તથા ઉત્તર પ્રદેશના અનેક વિસ્તારોમાં પણ હજુ વરસાદ જોવા મળતો નથી. અહીં હવે આગામી ૪ દિવસમાં વરસાદ થવાની શક્યતા છે.

હવામાન વિભાગે કહ્યું છે કે મધ્યપ્રદેશ, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, તેલંગાણા સહિત ૨૫ રાજ્યમાં ભારે વરસાદની શક્યતા છે. મહારાષ્ટ્રમાં એક જૂનથી અત્યારસુધી વરસાદ અને પૂરને કારણે ૭૬ લોકોના જીવ ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૯ લોકોનાં મોત થયાં છે. મહારાષ્ટ્રના રત્નગિરિ સહિત ૪ જિલ્લામાં ઓરેન્જ અને ૮ જિલ્લામાં વરસાદનું યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

આસામમાં પૂરના પાણીમાં તણાઈ જવાથી ૨ લોકોનાં મોત થયાં છે. રાજસ્થાનમાં પણ આગામી ૨ દિવસ સુધી વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે પંજાબમાં વરસાદ દરમિયાન રોડ નિર્માણના કારણે રાજ્ય સરકારના ૪ અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જોકે બિહાર, ઝારખંડ, દિલ્હી અને ઉત્તર પ્રદેશના ઘણા વિસ્તારોમાં સંપૂર્ણ રીતે ચોમાસું આવ્યું નથી.

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી ગુજરાતમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. હાલ એનડીઆરએફની ૧૩ અને એસડીઆરએફની ૧૬ પ્લટૂનની ટીમ તહેનાત કરવામાં આવી છે. વડોદરાથી એસડીઆરએફની ૧ પ્લટૂન ટીમ મદદ માટે છોટાઉદેપુર મોકલવામાં આવી છે. છોટાઉદેપુરથી ૪૦૦, નવસારીમાં ૫૫૦ અને વલસાડમાં ૪૭૦ લોકો તથા રાજ્યમાં ૩,૨૫૦ લોકોને સુરક્ષિત જગ્યાઓ પર પહોંચાડવામાં આવ્યા છે. રાજ્યમાં ૧૦ જુલાઈએ ભારે વરસાદને કારણે ૩૮૮ રસ્તા બંધ છે.

મધ્યપ્રદેશમાં ભોપાલમાં ૬ ઈંચ વરસાદ, ૧૭ વર્ષમાં પહેલીવાર જુલાઈમાં બેવાર ૪.૫ ઈંચથી વધુ થયો છે. ઘણા વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાકથી વરસાદ થઈ રહ્યો છે. હવામાન વિભાગે આગામી ૩ દિવસ સુધી રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. ભોપાલમાં અડધીરાત પછીથી છ કલાકમાં ૫ ઈંચથી વધારે વરસાદ થયો છે. રવિવારે આખો દિવસ તડકો રહ્યો હતો, પરંતુ સાંજે ૭ વાગ્યા પછી વરસાદ શરૂ થયો હતો. રાતે ૮.૩૦ પછી એક ઈંચ વરસાદ થઈ ગયો હતો, એટલે કે ૨૦ કલાકમાં ૬ ઈંચથી વધારે વરસાદ થયો હતો. ઈન્દોર, ઉજ્જૈન, ગ્વાલિયરમાં પણ આ જ હાલ ત રહી હતી. અહીં ઘણા વિસ્તારોમાં ૧થી ૯ ઈંચ વરસાદ નોંધાયો હતો.

રાજસ્થાનમાં ચોમાસું ભલે ૮ દિવસ મોડું આવ્યું હોય, પરંતુ સતત વરસાદથી ૬ જિલ્લામાં વરસાદનો કોટા પૂરો થઈ ગયો છે. અત્યારસુધી માત્ર ઉદયપુરમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થયો છે. ૧ જૂનથી ૧૦ જુલાઈ સુધીના વરસાદના આંકડા જોઈએ તો આ સમયમાં ગયા વર્ષે માત્ર ૨ જિલ્લામાં સામાન્ય કરતાં વધારે વરસાદ, જ્યારે ૨૦ જિલ્લામાં પૂરો વરસાદ થયો હતો. સામાન્ય કરતાં ઓછો વરસાદ પણ અત્યારસુધી માત્ર ૪ જિલ્લામાં નોંધાયો છે. ગયા વર્ષે આ સમયે ૨૬ જિલ્લામાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થયો હતો.બિહારના પટના, ગયા, નાલંદા, શેખપુરા સહિત ૮ જિલ્લામાં હવામાન શુષ્ક રહેશે. ગરમી અને ગરમ પવન ફૂંકાશે. ૩૦ જિલ્લામાં અમુક જગ્યાએ સામાન્ય વરસાદ થવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, ટ્રફ રેખા બિકાનેર, શિવપુરી, સતના, ઝાંસી થઈને દક્ષિણ ઓડિશા, ઉત્તર આંધ્ર પ્રદેશ અને બંગાળની ખાડી તરફ જઈ રહી છે. એના પ્રભાવથી ઉત્તર બિહારની સાથે જ દક્ષિણ પશ્ચિમ અને પૂર્વ બિહારમાં અમુક જગ્યાએ સામાન્ય વરસાદ થવાની શક્યતા છે. આ સ્થિતિ બે દિવસ સુધી રહેવાનો અંદાજ છે. ત્યાર પછી બિહારમાં સામાન્ય વરસાદ થવાની શક્યતા છે. ૧૩ જુલાઈથી બિહારના દક્ષિણ ભાગમાં મોટા ભાગની જગ્યાએ સિસ્ટમ સક્રિય થવાની શક્યતા છે, જેનાથી મધ્યમ વરસાદ થશે.

હવામાન વિભાગે કેરળ, કર્ણાટક, તેલંગાણા અને મહારાષ્ટ્ર માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. વિભાગના જણાવ્યા પ્રમાણે, કેરળના ચાર જિલ્લા કોઝીકોડ, વાયનાડ, કન્નુર અને કાસરગોડમાં આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદ થવાની શક્યતા છે. તેલંગાણા અને મહારાષ્ટ્ર શનિવારથી રેડ એલર્ટ પર છે. તેલંગાણાના મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવે પણ ભારે વરસાદ સાથે જોડાયેલા વિભાગને જરૂરી પગલાં લેવા કહ્યું છે. એ સાથે જ લોકોને અપીલ કરી છે કે જ્યાં સુધી કોઈ ઈમર્જન્સી ના હોય ત્યાં સુધી ઘરની બહાર નીકળવું નહીં.

## રાજ્યમાં ભારે વરસાદને કારણે અત્યાર સુધી ૩૩ લોકોના મોત

ગાંધીનગર,

ગુજરાતના ઘણા જિલ્લાઓમાં હાલ ભારે વરસાદને કારણે પુર જેવી સ્થિતિ સર્જાઈ છે અને આગામી પાંચેક દિવસમાં હજી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ભારે વરસાદને કારણે રાજ્યમાં જાન-માલને ઘણું નુકસાન થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

રાજ્યના મહેસૂલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ એક નિવેદનમાં જણાવ્યુ કે, રાજ્યમાં ૩૩ જેટલા લોકોના વિજળી પડવાથી મોત થયા છે. તેમજ ભારે વરસાદને કારણે પુરમાં ડુબી જવાના લીધે ૧૬ લોકોના મોત થયાની ઘટના નોંધાઈ છે. ઉપરાંત ભારે વરસાદને કારણે દીવાલ પડી જવાથી ૮ લોકો, ઝાડ પડવાથી ૬ લોકોના મોત અને વીજળીનો થાંભળો પડવાથી ૧ વ્યક્તિનું મોત નિપજ્યુ છે.

રાજ્યમાં ચારેય બાજુ આભમાંથી આફત વરસવી જેવી સ્થિતિ સર્જાઈ છે. રાજ્યભરમાં હજી આગામી પાંચેક દિવસ સુધી ભારેથી ભારે વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. રાજ્યના હવામાન વિભાગ દ્વારા સૂરત, નવસારી સહિત દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. વલસાડ, દમણ અને ડાંગમાં પણ ૨૪ કલાકમાં ભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. તો કચ્છ, મોરબી, ભાવનગર અને અમરેલીમાં પણ ઓરેન્જ એલર્ટ અપાયું છે.

## રાજકોટમાં રેડ એલર્ટ, ઘરોમાં પાણી ઘૂસતાં લોકોની ઊંઘ 'હરામ'

રાજકોટ,

ગુજરાતના સાત જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા વરસાદને લઈને રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં રાજકોટનો સમાવેશ થાય છે. વહેલી સવારથી જ રાજકોટમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. અત્યારસુધીમાં ૧૧ ઈંચ વરસાદ ખાબકતાં જનજીવનને ખૂબ જ માઠી અસર પહોંચી છે. રાજકોટના પોપટપરા વિસ્તારમાં આવેલા લાલબહાદુર શાસ્ત્રીનગરનાં ઘરોમાં ૫ ફૂટ સુધી પાણી ભરાઈ જવાને કારણે લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો છે. ઘણા લોકોએ તો આખી રાત જાગવું પડ્યું હતું. જ્યારે ઘરના સામાનને બચાવવા માટે ૫ ફૂટ ઉપર મૂકવાની ફરજ પડી હતી.

વહેલી સવારે ઘરોમાં પાણી ઘૂસી જતાં ૫.૩૦ વાગ્યાથી લોકો ઊંઘમાંથી ઊઠી ઘરવખરી સહિતનો સામાનને બચાવવા કામે લાગ્યા છે. નાનાં બાળકોથી લઈને મોટેરા સૌકોઈ વહેલી સવારથી જાગીને ઘરવખરી ઘરમાં જ ૫ ફૂટ ઉપર મૂકી બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

સ્થાનિક લોકોનું કહેવું છે કે વરસાદ વહેલી સવારથી વરસી રહ્યો છે. ૫.૩૦ વાગ્યે જ ઘરના તમામ સભ્યો ઊઠી ગયા હતા. ઘરમાં પાણી ભરાઈ જતાં હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. પાણી ભરાઈને ઘરના જ સભ્યોએ પાણી ઉલેછીને બહાર કાઢ્યું હતું. ફરી ધોધમાર વરસાદ શરૂ થયો છે અને ફરી ઘરમાં પાણી ઘૂસવાનું શરૂ થયું છે.

તેણે વધુમાં જણાવ્યું હતુ કે હવે તો શું થશે એ કંઈ ખબર નથી. હાલ તો તમામ સમાન પલળી ગયો છે. આ વરસાદમાં અમારી મદદ કરો. દર વખતે વરસાદમાં આ રીતે પાણી ઘૂસી જાય છે. અત્યારે તો ઘરનો બધો સામાન ૫ ફૂટ ઉપર મૂકી દીધો છે. રસોડાના પ્લેટફોર્મ અને માળિયામાં સામાન મૂકી દીધો છે. જોકે ફરી વરસાદ શરૂ થતાં પાણી આવશે.

પોપટપરાના લાલબહાદુર શાસ્ત્રીનગરમાં કમર સુધીના પાણી ભરાઈ ગયાં છે. ઘરોના ગ્રાઉન્ડ ફ્લોરમાં પાણી ભરાઈ જવાને કારણે પહેલા માળે આશરો લેવાની ફરજ પડી છે, જ્યારે ઘણા લોકોને બીજાના ઘરે આસરો લેવાનો વારો આવ્યો છે. પોપટપરાનાં કેટલાંક ઘરોમાં રાત્રે જ પાણી ઘૂસી જતાં આખી રાત જાગ્યા છે અને અનાજ પણ પલળી જતાં બપોરના ભોજનની પણ ચિંતા સતાવી રહી છે.

હાલ ભારે વરસાદને પગલે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા યોજાનારી આજની પરીક્ષા રદ કરવામાં આવી છે. આ અંગે પરીક્ષા નિયામક નિલેશ સોનીએ સત્તાવાર યાદી જાહેર કરીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજોના આચાર્ય તથા અનુસ્નાત ભવનના અધ્યક્ષને જાણ કરી હતી. જ્યારે જિલ્લા શિક્ષણ અધિકારીએ તમામ સ્કૂલમાં પણ આજે રજા જાહેર કરી છે.

## અમારું માનવું છે કે નિર્દોષ લોકોના જીવની કિંમતે કોઈ સમાધાન નીકળી શકે નહીં. સંયુક્ત સુરક્ષા પરિષદમાં ભારતનું નિવેદન

નવીદિલ્હી,

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા ૧૩૯ દિવસથી યુદ્ધ ચાલુ છે. રશિયા સતત યુક્રેનના અનેક શહેરો પર હુમલો કરી રહ્યું છે. ત્યારબાદ યુક્રેનના કેટલાય શહેર તબાહ થઈ ગયા છે અને લાખો લોકો બેઘર થઈ ગયા છે. રશિયા અને યુક્રેન વચ્ચે થઈ રહેલા યુદ્ધ અંગે ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં નિવેદન આપ્યું છે. ભારતીય સ્થાયી મિશનના કાઉન્સિલર પ્રતિક માથુરે યુએનએસસીમાં કહ્યું કે ભારત યુક્રેનની સ્થિતિ અંગે ખુબ ચિંતિત છે અને અમે યુક્રેનના લોકોની પીડા ઓછી કરવા માટે તમામ પ્રયત્નોનું સમર્થન કરીએ છીએ.

ભારતીય સ્થાયી મિશનના કાઉન્સિલર પ્રતિક માથુરે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કહ્યું કે ભારત યુક્રેનની સ્થિતિ અંગે ખુબ ચિંતિત છે. સંઘર્ષના પરિણામસ્વરૂપ પોતાના લોકો, ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વૃદ્ધો માટે જીવન અને અગણિત દુખોનું નુકસાન થયું છે.

તેમણે વધુમાં કહ્યું કે અમારું માનવું છે કે નિર્દોષ લોકોના જીવની કિંમતે કોઈ સમાધાન નીકળી શકે નહીં. અમે એ વાત દોહરાવવાનું ચાલુ રાખીએ છીએ કે વૈશ્વિક વ્યવસ્થા આંતરરાષ્ટ્રીય કાયદો, સંયુક્ત ચાર્ટર અને ક્ષેત્રીય અખંડિતતા અને રાજ્યોની સંપ્રભુતાના સન્માન પર આધારિત છે.

પ્રતિક માથુરે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કહ્યું કે અમે યુક્રેનના લોકોની પીડા ઓછી કરવા માટેના તમામ પ્રયત્નોનું સમર્થન કરીએ છીએ. ખાસ કરીને યુક્રેન અને રશિયા સંઘ વચ્ચે વાતચીતને પ્રોત્સાહિત કરીએ છીએ. પ્રતિક માથુરે કહ્યું કે લાખો લોકો બેઘર થઈ ગયા અને પાડોશી દેશોમાં શરણ લેવા માટે મજબૂર થયા. સંઘર્ષની શરૂઆતથી ભારત સતત તમામ શત્રુતાઓને સંપૂર્ણ રીતે અલગ કરવાનું આહ્વાન કરે છે અને શાંતિ, સંવાદ અને કૂટનીતિના ભાગની વકાલત કરતું રહ્યું છે.

## દ્રૌપદી મુર્મૂ બાદ પીએમ મોદીનો પણ ગુજરાત પ્રવાસ મોકૂફ

ગાંધીનગર,

ગુજરાતમાં મેઘ તારાજી સર્જાઈ છે. અનેક વિસ્તારો પાણીડૂબ થયા છે. ત્યારે પીએમ મોદીનો એકદિવસીય ગુજરાત પ્રવાસ મોકૂફ રાખવામાં આવ્યો છે. તેઓ ૧૫ જુલાઈએ ગુજરાત આવવાના હતા. ત્યારે ભારે વરસાદની આગાહી અને પૂરગ્રસ્ત સ્થિતિને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવાયો છે. તો બીજી તરફ, એનડીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર દ્રૌપદી મુર્મૂનો ગુજરાત પ્રવાસ મોકૂફ રાખવામાં આવ્યો છે. ભારે વરસાદની આગાહીને પગલે દ્રૌપદી મુર્મૂનો આવતીકાલનો ગુજરાત પ્રવાસ મોકૂફ કરાયો છે. દ્રૌપદી મુર્મૂ કેવડીયા ખાતે ભાજપના ધારાસભ્યો અને સાંસદોને મળવાના હતા. તેમની મુલાકાતને પગલે કેવડિયામાં આદિવાસી સન્માન સંમેલનનું પણ આયોજન કરાયુ હતું. પરંતુ ગઈકાલે નર્મદા જિલ્લામાં પડેલા ભારે વરસાદના કારણે પ્રવાસ મોકુફ રાખવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, પીએમ મોદી ૧૫ જુલાઈએ ગુજરાતના એક દિવસના પ્રવાસે આવવાના હતા. તેઓ સવારે હિંમતનગરમાં સાબર ડેરીના નવા પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરવાના હતા. તેમજ સાબર ડેરીના કાર્યક્રમમાં જનસભાને સંબોધન કરવાના હતા. પરંતુ હાલ તેમના આ કાર્યક્રમ પર રોક લાગી છે.

## ગુજરાત ATSએ કચ્છના મુંદ્રા પોર્ટ પરથી ૭૦ કિલો હેરોઈન પકડી પાડ્યું



ભુજ,

ગુજરાત એટીએસને ગુપ્ત માહિતી મળી હતી કે, દુબઈના જેબલ અલી પોર્ટથી આવેલા કન્ટેનરમાં કરોડોનું હેરોઈન છુપાવવામાં આવ્યું છે. જે બાદ તપાસ કરતા અંદરથી ડ્રગ્સ મળ્યું હતુ. આ કન્સાઈમેન્ટ મુંદ્રા પોર્ટ પરથી સીએફએસ પરથી મળ્યું હતુ. ગુજરાત એટીએસની ટીમને આ કન્સાઈમેન્ટ કોણે મોકલ્યું હતુ. અને કોને આપવાનું હતુ તે અંગેની જાણ છે. આ સાથે વધુ તપાસમાં આ ડ્રગ્સ મંગાવવામાં કોણ કોણ સામેલ હતું તે અંગેની માહિતી પણ સામે આવી શકે છે. હાલ આ અંગે હજી મોટા ખુલાસા થઈ શકે છે. અત્યારે તો એક જ કન્ટેનર ઝડપાયું છે. પરંતુ એક કરતા વધુ કન્ટેનરની તપાસ ગુજરાત એટીએસની ટીમ કરી રહી છે.

## સ્પાઈસ જેટની મુશ્કેલી વધી : ચેરમેન અજયસિંઘ સામે કરોડોની છેતરપીંડીની ફરિયાદ



નવીદિલ્હી,

હાલમાં ફ્લાઈટના ઈમરજન્સી લેન્ડીંગ સહિતની મુશ્કેલીઓનો સામનો કરી રહેલી દેશની બજેટ એરલાઈન સ્પાઈસ જેટના ચેરમેન તથા એમ.ડી. અજયસિંઘ સામે હવે છેતરપીંડીનો કેસ પણ દાખલ થયો છે અને તેમની સામે એન્ફોર્સમેન્ટ વિ.ની તપાસ પણ થશે. તેઓ પર સ્પાઈસ જેટના ૧૦ લાખ શેર આપવાના નામે કરોડો રૂપિયાની છેતરપીંડી કરવાનો કેસ ગુરૂગ્રામ પોલીસમાં નોંધાયો છે. એક રોકાણકાર અમીત અરોરાએ પોલીસને કરેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે તેઓ તથા અન્ય રોકાણકારો સાથે સ્પાઈસ જેટના શેર આપવાના નામે એમ.ડી. અજયસિંઘે કરોડો રૂપિયા મેળવ્યા હતા અને તેઓને એક ડિપોઝીટરની ઈન્ટ્રકશન સ્લીપ (શેર ફાળવવાની સૂચના આપતો પત્ર) પણ આપ્યો હતો પણ તે જૂની તારીખનો હતો અને તેના આધારે શેરની ફાળવણી થઈ ન હતી. સ્પાઈસ જેટ ચેરમેન સામે વિશ્ર્વાસ ભંગ, ષડયંત્ર (કલમ ૪૦૯) વિ. કલમ હેઠળ કેસ દાખલ થયો છે. જો કે કંપનીએ આ પ્રકારના દાવાને ફગાવતા હવે આ કહેવાતા રોકાણકાર સામે વળતો બદનક્ષીનો દાવો કરવાની જાહેરાત કરી છે.

## ૧૭ જુલાઈએ સર્વપક્ષીય બેઠક યોજાશે, સત્રના એજન્ડા પર ચર્ચા થશે

નવીદિલ્હી,

સરકાર વતી સંસદીય બાબતોના પ્રધાન પ્રહલાદ જોશીએ સંસદના ચોમાસુ સત્રના એક દિવસ પહેલા ૧૭ જુલાઈ, રવિવારે તમામ પક્ષોની બેઠક બોલાવી છે. આ બેઠક માટે સંસદના બંને ગૃહો (લોકસભા અને રાજ્યસભા)માં તમામ રાજકીય પક્ષોના ગૃહોના નેતાઓને આમંત્રિત કરવામાં આવ્યા છે.

આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ હાજરી આપી શકે છે. પીએમ મોદી ઉપરાંત ગૃહ મંત્રી અમિત શાહ, રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને સંસદીય કાર્ય મંત્રી પ્રહલાદ જોશી તેમજ સરકારના અન્ય મંત્રીઓ પણ આ સર્વપક્ષીય બેઠકમાં ભાગ લઈ શકે છે. આ સર્વપક્ષીય બેઠકમાં સરકાર તમામ રાજકીય પક્ષો સાથે સંસદના એજન્ડા પર સહમત થવાનો પ્રયાસ કરશે જેથી સંસદના બંને ગૃહોનું કામકાજ સુચારૂ રીતે ચાલી શકે.

સંસદનું ચોમાસુ સત્ર ૧૮મી જુલાઈથી શરૂ થઈ રહ્યું છે અને ૧૨મી ઓગસ્ટ સુધી ચાલશે. સંસદનું આ સત્ર ઘણી રીતે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થવાનું છે કારણ કે આ સત્ર દરમિયાન રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણી પણ યોજાવાની છે. સંસદના ચોમાસુ સત્રના પહેલા જ દિવસે ૧૮ જુલાઈએ રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે, જેના પરિણામો ૨૧ જુલાઈએ જાહેર કરવામાં આવશે. દેશના આગામી ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે નોમિનેશન પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે. ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાના હોદ્દેદાર અધ્યક્ષ પણ છે. આ પદ માટે નોમિનેશનની છેલ્લી તારીખ ૧૯ જુલાઈ છે અને જો એકથી વધુ ઉમેદવારો મેદાનમાં હોય તો ઉપરાષ્ટ્રપતિ પદ માટે ૬ ઓગસ્ટે ચૂંટણી યોજાશે.

રાષ્ટ્રપતિ પદ માટે એનડીએના ઉમેદવાર દ્રૌપદી મુર્મુ અને વિપક્ષના ઉમેદવાર યશવંત સિંહા વચ્ચે મુકાબલો છે, જ્યારે શાસક પક્ષ અને વિપક્ષ બંનેએ હજુ સુધી ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવારને લઈને પોત-પોતાના પત્તાં ખોલ્યા નથી, પરંતુ આ બંને ચૂંટણીની અસર અને તેના પરિણામો પર જોવા મળશે. સંસદ સત્ર પર નિશ્ચિત માનવામાં આવે છે.

## રાહુલ ગાંધી ફરી વિદેશ જવા રવાના થયા, ૧૭ જુલાઈએ પરત ફરશે

નવીદિલ્હી,

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને વાયનાડ લોકસભા સાંસદ રાહુલ ગાંધી આજે ફરી એકવાર વિદેશ પ્રવાસે રવાના થયા છે. પાર્ટીના સૂત્રોએ આ માહિતી આપી. સૂત્રોએ જણાવ્યું હતું કે કોંગ્રેસ નેતા આજે સવારે ઉડન ભરી હતી અને ૧૭ જુલાઈ, રવિવાર સુધીમાં ભારત પરત ફરશે. જો કે હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે રાહુલ પ્રાઈવેટ ટૂર પર ગયા છે કે ઓફિશિયલ ટૂર પર. તેઓ કયા દેશની મુલાકાતે જવાના છે તે સ્થળ પણ જાણી શકાયું નથી.

રાહુલ ગાંધી ૧૭ જુલાઈએ એટલે કે સંસદ સત્ર પહેલા પરત ફરશે. જણાવી દઈએ કે સંસદનું ચોમાસુ સત્ર ૧૮ જુલાઈથી શરૂ થશે અને સત્ર ૬ ઓગસ્ટના રોજ સમાપ્ત થશે. રાષ્ટ્રપતિની ચૂંટણી ૧૮ જુલાઈએ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી ૬ ઓગસ્ટે યોજાશે. આ સિવાય ઈડી ૨૧ જુલાઈએ સોનિયા ગાંધીની પણ પૂછપરછ કરી શકે છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
વેડ રામપુર સે.સ. મંડળી
તરફથી અભીનંદન....
મુ. ઘડા, તા. ધાનપુર, જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
છરછોડવાલા મઝહરભાઈ તૈયબઅલી
તરફથી અભીનંદન....
મુ. રાછવા, તા. ધાનપુર, જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
પટેલ આપસીંહ ધુળાભાઈ
તરફથી અભીનંદન....
મુ. ડુધામલી, તા. ધાનપુર, જી. દાહોદ

# વિરપુર તાલુકાના પાંટા ગામે મગરના કારણે મૃત્યુ પામનાર પરિવારજનોને રાજય સરકાર દ્વારા રૂપિયા પાંચ લાખની સહાયનો ચેક અપાયો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, ન જાણ્યું જાનકી નાથે, કાલે સવારે શું થવાનું છે. આ ઉકિત વિરપુર તાલુકાના પાંટા ગામે રહેતા પૂંજાભાઇ પગીના પરિવાર સાથે બનવા પામી છે.

વિરપુર તાલુકાના પાંટા ગામે રહેતા ૫૫ વર્ષિય પૂંજાભાઇ પગી કે જેઓ વ્યવસાયે ખેતી કરવાની સાથે તેમના રોજ-બરોજના ક્રમ મુજબ ગામના તળાવના કિનારા પાસે પોતાના બકરા ચરાવવા ગયા હતા, ત્યારે તેઓને ખબર નહોતી કે તેઓ આજે ઘરે પરત નહીં ફરે.

બન્યું એવું કે, તેઓ તળાવના કિનારા પાસે બકરાં ચરાવતા હતા તે દરમ્યાન અચાનક તળાવમાંથી બહાર આવેલ મગરે પૂંજાભાઇ પર હુમલો કરી તળાવના પાણીના પ્રવાહમાં ખેંચી જઇને આ પૂંજાભાઇનું મારણ કર્યું હતું. આ બનાવની જાણ થતાં વન વિભાગ દ્વારા પૂંજાભાઇ પગીની શોધખોળ કરતાં ભારે જહેમતના અંતે ત્રણ કલાક બાદ તેમનો મરણ પામેલ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો.

પરિવારના મોભી એવા પૂંજાભાઇ પગીનો મૃતદેહ મળી આવતાં જાણે કે તેમના પરિવારજનો પર આભ તૂટી પડયું હોય તેમ પરિવાર ગમગીન થઇ ગયો હતો. આ સમય દરમિયાન બનાવની જાણ થતાં પંચમહાલના સાંસદ રતનસિંહ રાઠોડ અને મહીસાગર જિલ્લા પંચાયતના સભ્ય પીનાકીન શુકલએ તાબડતોબ સ્થળ ઉપર પહોંચી જઇને પરિવારજનોને સાંત્વના પાઠવીને રાજ્ય સરકાર દ્વારા મળતી તમામ મદદ-સહાય અપાવવાની ખાત્રી આપી એટલુ જ નહીં પરંતુ આ બનાવની સંબંધિત વિભાગને જાણ કરી રાજય સરકાર દ્વારા જે કોઇ સહાય મળવાપાત્ર થતી હોય તે સહાય સત્વરે ચૂકવવામાં આવે તે અંગેની સૂચના આપી હતી.

વન વિભાગ દ્વારા પરિવારજનો પાસેથી જરૂરી આધાર-પુરાવાઓ મેળવીને પરિવારજનોને સત્વરે સહાય મળે તે રીતે કામગીરી હાથ ધરી હતી અને તાજેતરમાં રાજય સરકાર દ્વારા મળવાપાત્ર થતી સહાયનો રૂા. પાંચ લાખનો ચેક પૂંજાભાઇ પગીના પત્નીને રૂબરૂમાં મળી સાંત્વના પાઠવીને સાંસદ રતનસિંહ રાઠોડ અને જિલ્લા પંચાયતના સભ્ય પીનાકીન શુકલના હસ્તે આપવામાં આવ્યો હતો.

પૂંજાભાઇ પગીના પરિવારજનોને આ સહાયનો ચેક આપવામાં આવ્યો ત્યારે પરિવારજનોને સાંત્વના પાઠવતા મહીસાગર જિલ્લા નાયબ વન સંરક્ષક નેવીલ ચૌધરી જણાવ્યું હતું કે, વન્યજીવ હુમલા માં માનવ મૃત્યુ સબબ વળતર ચુકવવાની સરકારની યોજના અનુસાર સહાય ચુકવવામાં આવેલ છે. તેમજ વન્ય પ્રાણીઓને કોઈ કનડગત ન કરવા બાબતે અને જો કોય આવુ સામે આવે તો નજીકની વન વિભાગ કચેરી ને જાણ કરવા જિલ્લા વન અધિકારી એ અપીલ કરી હતી.

પરિવારજનોને સાંત્વના પાઠવતા રેન્જ ફોરેસ્ટ અધિકારી જૂહીબેન, લુણાવાડા તાલુકા પંચાયતના સભ્ય અજયભાઇ દરજી, વિરપુર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ સૂર્યકાન્તભાઇ પટેલ, જિલ્લા પંચાયતના સભ્યો એસ. બી. ખાંટ, તાલુકા પંચાયતના સભ્ય કૃષ્ણા પટેલ અને મહામંત્રી કિરીટભાઇ પટેલ, પાંટા ગ્રામ પંચાયત સરપંચ, તલાટી-કમ-મંત્રી પણ સાથે રહ્યા હતા.

પરિવારના મોભીને ગુમાવવાની સાથે પરિવાર ઉપર આવી પડેલી આવિકટ પરિસ્થિતિમાં પૂંજાભાઇ પગીના પરિવારજનોને રાજય સરકાર દ્વારા સમયસર અને ત્વરિત સહાય મળતાં પરિવારના સભ્યોને ઘણી જ રાહત મળતાં પરિવારજનોએ સરકાર પ્રતિ આભારની લાગણી વ્યકત કરી હતી.

# સંતરામપુર તાલુકાના ખેડાપા ગામે વંદે ગુજરાત વિકાસ યાત્રા નીકળી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

લુણાવાડા, આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે રાજ્ય સરકાર દ્વારા રાજયના તમામ જિલ્લાઓમાં વંદે ગુજરાત વિકાસયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. મહીસાગર જિલ્લામાં ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઇ ડીડોરની ઉપસ્થિતિમાં ખેડાપા ગામે વંદે ગુજરાત વિકાસ યાત્રા નીકળી હતી.

આ પ્રસંગે રાજય મંત્રીએ જણાવ્યું હતું કે આજે રાજ્ય સરકાર ગામડામાં પણ ૨૪ કલાક લાઈટ ની સુવિધા આપી છે. કન્યા કેળવણી, વિધવા સહાય, પ્રધાનમંત્રી જન આરોગ્ય કાર્ડ, ઊજ્જવલા યોજના જેવી યોજનાઓ લાવીને છેવાડા નાં માનવીની ચિંતા સરકાર કરે છે જન ધન યોજના દરેકનાં બેન્ક ખાતા ખોલીને લાભાર્થીને સીધો લાભ તેના ખાતામાં જમા થઈ જાય છે. છેવાડાનાં માનવીને ધ્યાનમાં રાખી કામ કરતી સરકાર છે. ભારત એક પ્રજાસત્તાક સંસદીય લોકશાહી ધરાવતું રાષ્ટ્ર હોવાથી અહીં વિકાસના કેન્દ્રમાં પ્રજા સર્વોપરી હોય છે. સરકારની અનેક યોજનાઓ થકી છેવાડાનો માનવી પગભર બન્યો છે, ઉપરાંત વહીવટી કાર્યોની ઝડપ વધી છે. ગુજરાત સરકાર દ્વારા આયોજિત ''વંદે વિકાસયાત્રા''ને સમગ્ર ગુજરાતમાં ભવ્ય લોક પ્રતિસાદ મળી રહ્યો છે.

વંદે ગુજરાત ફિલ્મ નિદર્શનની સાથે સાથે મહીસાગર જિલ્લા આરોગ્ય શાખા કચેરી દ્વારા કોરોના રસીકરણ, પૂરક પોષણ, આરોગ્ય તપાસ જેવા કાર્યક્રમોનું આયોજન પણ સ્થળ પર જ કરવામાં આવ્યું હતું. જેનો લાભ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોએ બહોળી સંખ્યામાં લીધો હતો.

આ કાર્યક્રમમાં લાભાર્થીઓને સ્ટેજ પરથી મહાનુભાવોના હસ્તે વિવિધ લાભો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમ પછી મહાનુભાવોના હસ્તે વૃક્ષા રોપણ કર્યું.

આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી કૌશિક જાદવ, તાલુકા પંચાયત પ્રમુખ શારદાબેન, સંતરામપુર મામલતદાર સંગાડા, તાલુકા વિકાસ અધિકારી, સરપંચઓ, તલાટી, શાળાના આચાર્ય, વિદ્યાથીઓ અને મોટી સખ્યામા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કાકરા ડુંગરા સાધનિકના મૃતકના પરિજનોને ૮ લાખની સહાય અપાઈ



સંતરામપુર, ગુજરાતના કાકરા ફળિયામાં આનંદપુરી, ગ્રામ પંચાયત પાટણવાઘરાને અડીને આવેલ, ૮મી જુલાઈની રાત્રે વરસાદ અને ભારે પવનના કારણે, ઝૂંપડું ધરાશાયી થવાથી દાદી-પૌત્રીના દર્દનાક મૃત્યુના કિસ્સામાં, તાત્કાલિક આર્થિક મદદ રૂપીયાની સહાય કાકરા ડુંગરા ફળિયામાં રહેતી સવિતા પારગી, પત્ની કોદરભાઈ પારગી (૫૬) અને તેની પૌત્રી બે વર્ષની પૌત્રી સુષ્ટિનું ઝૂંપડું નીચે દબાઈ જવાથી મોત થયું હતું.

ગુજરાતના ઉચ્ચ શિક્ષણ અને ટેકનોલોજી રાજ્ય મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર મંગળવારે સવારે કાકરા ડુંગરા ગામે પહોંચ્યા હતા. બંને મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી અને પરિવારજનોને સાંત્વના પાઠવી હતી.

આ પ્રસંગે મંત્રી ડીંડોરે મૃતક સવિતાના પતિ કોદરભાઈ પારગી અને સુષ્ટિના પિતા મિથુન પારગીને રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરાયેલ આપત્તિ સહાયની રકમ તરીકે ચાર લાખ રૂપિયાનો સ્વીકૃતિ પત્ર આપ્યો હતો અને આ રકમ તેમના બેંક ખાતામાં ટ્રાન્સફર થઈ રહી હોવાની માહિતી આપી હતી. પાકાં મકાનો બનાવવા માટે રકમ વાપરવા જણાવ્યું જેથી ભવિષ્યમાં આવી દુર્ઘટના ટાળી શકાય.કાકરા ડુંગરામાં ૯.૫૦ કરોડના ખર્ચે બ્રિજ બનશે.

મંત્રીએ જણાવ્યું કે, ગુજરાતની છેલ્લી સરહદે આવેલા કાકરા ડુંગરા ફળિયાના લોકોને મધ્યમાં કડાણા બેક વોટરના કારણે રાજસ્થાન થઈને જવું પડે છે. તેમની સુવિધા માટે ૩.૨૦૦ મીટર લાંબો પુલ મંજૂર કરવામાં આવ્યો છે. ખર્ચે, જેનું બાંધકામ ટૂંક સમયમાં શરૂ થશે.

આ બ્રિજના નિર્માણથી રાજસ્થાનના પાટણવાઘરા, મેણાપાદર, અમલીયા પંચાયત વિસ્તારના લોકોનું ગુજરાત પહોંચવાનું અંતર પણ ઘટશે.

રૌમાવી પાટણવાઘરા ખાતે વિદ્યાર્થીઓ સાથે બેઠક મંત્રી ડીંડોર પરત ફરતી વખતે પાટણવાઘરા સિનિયર સ્કૂલમાં થોડો સમય રોકાઈને વિદ્યાર્થીઓને પુસ્તક વાંચન કરાવ્યું હતું અને શૈક્ષણિક ગુણવત્તાની ચકાસણી કરી બાળકોને ખંતપૂર્વક વાંચવા પ્રેર્યા હતા. શાળાના મકાનનું પણ નિરીક્ષણ કર્યું અને વરસાદથી ટપકતી છત અંગે ચિંતા વ્યક્ત કરી.

આ પ્રસંગે ખેડાપા સરપંચ દિલીપ ભાઈ, સંતરામપુર તહસીલદાર રૂપેશ ગરોડ, ચંદ્રેશ ભાવસાર, ભાજપ મંડળ પ્રમુખ ગૌતમલાલ પારગી, એડવોકેટ વિનોદ ડામોર, શંભુલાલ પારગી જયેશભાઈ, હિતેશભાઈ, ઉપસ્થિત રહ્યા હતા.

# મોરવા(હ)ના ખાનપુર ગામે પિતાના મૃત્યુના આઘાતમાં પુત્રએ ગળેફાંસો ખાધો

ગોધરા, મોરવા(હ)તાલુકાના ખાનપુર ગામના પાંડોર ફળિયામાં રહેતા રંગીતભાઈ રૂપાભાઈ બારીયા છેલ્લા ૩ વર્ષથી બિમાર હતા. આ બિમારીથી તેમનુ ૭ જુલાઈના રોજ મૃત્યુ થયુ હતુ. મૃતક રંગીતભાઈના ૧૭ વર્ષિય પુત્ર અજયને પોતાના પિતાના મૃત્યુનો આઘાત લાગી આવતા તેણે પોતાના ખેતરમાં આંબાના ઝાડ પર દોરડા વડે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી.


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

**મોટા સોનેલા ગ્રામ પંચાયતના સરપંચ તથા મહીસાગર જીલ્લા યુવા મોરચાના મહામંત્રી જયદેવસિંહ સોલંકી દ્વારા આજરોજ ગૌરીવ્રત નિમિત્તે મોટા સોનેલા, ભાઠોડા, પાદરીયાની મુવાડી, નાયક ફળીયાની શાળાઓમાં દીકરીઓને વેફર્સ, કેળાં તથા દિકરાઓને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું. તેમાં ગામના યુવા મિત્રો પણ ઉપસ્થીત રહ્યા.**

# કાકરા ડુંગરામાં ૯.૫૦ કરોડના ખર્ચે બ્રિજ બનશે

સંતરામપુર, મંત્રીએ જણાવ્યું કે, ગુજરાતની છેલ્લી સરહદે આવેલા કાકરા ડુંગરા ફળિયાના લોકોને મધ્યમાં કડાણા બેક વોટરના કારણે રાજસ્થાન થઈને જવું પડે છે, તેમની સુવિધા માટે ૩.૨૦૦ મીટર લાંબો પુલ મંજૂર કરવામાં આવ્યો છે. ખર્ચે જેનું બાંધકામ ટૂંક સમયમાં શરૂ થશે.

આ બ્રિજના નિર્માણથી રાજસ્થાનના પાટણવાઘરા, મેણાપાદર, અમલીયા પંચાયત વિસ્તારના લોકોનું ગુજરાત પહોંચવાનું અંતર પણ ઘટશે.

રૌમાવી પાટણવાઘરા ખાતે વિદ્યાર્થીઓ સાથે બેઠક મંત્રી ડીંડોર પરત ફરતી વખતે પાટણવાઘરા સિનિયર સ્કૂલમાં થોડો સમય રોકાઈને વિદ્યાર્થીઓને પુસ્તક વાંચન કરાવ્યું હતું અને શૈક્ષણિક ગુણવત્તાની ચકાસણી કરી બાળકોને ખંતપૂર્વક વાંચવા પ્રેર્યા હતા. શાળાના મકાનનું પણ નિરીક્ષણ કર્યું અને વરસાદથી ટપકતી છત અંગે ચિંતા વ્યક્ત કરી.

આ પ્રસંગે ખેડાપા સરપંચ દિલીપ ભાઈ, સંતરામપુર તહસીલદાર રૂપેશ ગરોડ, ચંદ્રેશ ભાવસાર, ભાજપ મંડળ પ્રમુખ ગૌતમલાલ પારગી, એડવોકેટ વિનોદ ડામોર, શંભુલાલ પારગી જયેશ ભાઈ, હિતેશ ભાઈ, ઉપસ્થિત રહ્યા હતા.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ અનુકૂળ રહેશે. સ્વસ્થ હોવાથી કાર્યો દિલથી કરશો, પરંતુ કોઈની સાથે દખલ કરવાથી મન ભ્રમિત થઈ શકે છે. તમારા કાર્યમાં ધ્યાન કેન્દ્રિત કરો અને ચાલુ રાખો, સંપત્તિ અને સન્માન બંને મળશે.

વૃષભ : આજે તમારા બધા કામ નિર્ધારિત મુજબ આગળ વધશે. કાર્ય વ્યવસાયમાં તૂટક તૂટક આર્થિક લાભને લીધે નાણાં સંબંધિત સમસ્યાઓ અમુક હદ સુધી ઉકેલાશે. બપોર પછી થોડી છુપાયેલી ચિંતાને કારણે મન પરેશાન થઈ શકે છે પરંતુ ટૂંક સમયમાં તે સમસ્યામાંથી મુક્તિ મળી જશે.

મિથુન : આ દિવસે તમે લાભની તકો શોધશો. દિવસ દરમિયાન જે પણ સંપર્કમાં રહેશે, તેનો ચોક્કસ ફાયદો થશે. ક્ષેત્રમાં એકથી વધુ માધ્યમોથી આવક થશે. સસરાની તરફેણથી સન્માન મળશે.

કર્ક : આજનો દિવસ ખૂબ તોફાની દિવસ રહેશે. ધંધાકીય યોજનાઓમાં અચાનક ફેરફાર કરવા પડશે. દિવસની શરૂઆતમાં કાર્યોની ગતિ ધીમી પડી શકે છે. સમયસર વચન પૂરું નહીં થતાં વ્યાવસાયિક સંબંધો બગડી શકે છે. કામ પ્રત્યે નીરસ રહેશો.

સિંહ : દિવસની શરૂઆત આળસથી ભરેલી રહેશે. શારીરિક રૂપે અસ્વસ્થ લાગો છો. જો કામમાં વિલંબ થાય તો ધંધો ધીમો થઈ શકે છે, જેની અસર આર્થિક આયોજન પર થશે. બપોર પછી સ્થિતિ સુધરશે.

કન્યા : આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. ધંધાના ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી છે અને પૈસાના વ્યવહારમાં સાવધાની રાખવી જોઈએ. સરકારી કામ આજે કાળજીપૂર્વક કામ કરો, નહીં તો બાકી કામો મુશ્કેલી સર્જી શકે છે. લવ લાઈફમાં સુખદ ભાવના રહેશે અને વાટાઘાટો દ્વારા સમસ્યાઓ ઉકેલાશે.

તુલા : આજનો દિવસ સફળ રહેશે. વહેલી સવારે કામમાં સામેલ થવાના ફાયદાઓ પૈસાના લાભના સ્વરૂપમાં જલ્દી થશે. મોટાભાગના કામ ઓછા પ્રયત્નોથી પૂર્ણ થશે. અધિકારીઓ મુશ્કેલ કાર્યોમાં સહકાર આપશે. આજે હેરાફેરીની નીતિ અપનાવીને, તમે મુશ્કેલ સંજોગોમાં તમારું કાર્ય પાર પાડશો.

વૃશ્ચિક : તમારો દિવસ વ્યર્થ ભાગદોડમાં પસાર થઈ શકે છે. શારીરિક અને માનસિક થાક રહેશે, જેના કારણે કાર્યોમાં રુચિ નહીં રહે. આજે તમે ભલે ગમે તેટલું દાન કરો, તમે લોકોને ખુશ રાખી શકશો નહીં. વ્યાવસાયિક વૃદ્ધિ માટે કરેલા પ્રયત્નો સફળ થશે. ઘરનું વાતાવરણ લગભગ સામાન્ય રહેશે.

ધનુ : ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. તમારી મહેનતનું ફળ સારું રહેશે. વિદ્યાર્થીઓને તેમની તૈયારીઓમાં સુધારો કરવાની તક મળશે. તમારા બાળક પ્રત્યેની તમારી શ્રદ્ધા વધુ મજબૂત થશે. ધંધાના ક્ષેત્રમાં સુધારણાથી નવી તકો મળશે. આજે માતા-પિતાના સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખો.

મકર : તમારે આ દિવસે દરેક કાર્યમાં સાવચેત રહેવાની જરૂર છે. પૈસા પાછળ ભાગવામાં પણ ધ્યાન રાખો, નહીં તો પૈસાની સાથે સન્માનનું નુકસાન પણ થઈ શકે છે. બપોર પહેલાંના જૂના કામો પૂર્ણ કરો. આ પછીનો સમય પ્રતિકૂળ બનશે. કોઈ નાની બાબતમાં પરિવારના સભ્યો સાથે ઝઘડો થઈ શકે છે.

કુંભ : આજનો દિવસ મિશ્રિત ફળ છે. દિવસની શરૂઆતમાં માતાપિતાનો ટેકો અને આશીર્વાદ રાહત આપશે. આજે જે કંઈપણ કામ કરવા માગો છો તેમાં મૂંઝવણમાં આવી શકે છે. તેમ છતાં તમે હિંમત ગુમાવશો નહીં અને પ્રયત્ન કરશો, જે તમારા લાભની સંભાવનામાં સુધારો કરશે.

મીન : આજનો દિવસ અપેક્ષાઓથી વિપરિત રહેશે. આયોજિત યોજનાઓ શરૂઆતમાં સફળ જણાશે, પરંતુ થોડી ખલેલને કારણે નિરાશા રહેશે. તમે જે પણ સહાય માગશો, તમને મૂંઝવણની સ્થિતિમાં રાખશે. આત્મનિર્ભર બનીને તમારું કાર્ય કરો અને દાન અને પરોપકારીની ભાવનાનો વિકાસ થશે.

# મહિસાગર જીલ્લાની સબરજીસ્ટ્રાર કચેરીમાં આઉટ સોર્સીંગ ઓપરેટરોને ૧૩ માસ ઉપરાંતથી વેતન નહી ચુકવતા શ્રમ કૌશલ્ય વિકાસને રજુઆત

લુણાવાડા, મહિસાગર જીલ્લા સબ રજીસ્ટ્રાર ઓફિસમાં કોમ્પ્યુટરરાઈઝડ દસ્તાવેજની નોંધણીની કામગીરી આઉટ સોર્સીંગ થી ઓપરેટરો કરતા હોય તેવી ખાનગી એજન્સી દ્વારા ૭ ઓપરેટરોને છેલ્લા ૧૩ મહિના ઉપરાંતના સમય થી વેતન નહીં ચુકવવામાં આવતાં શ્રમ અને કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ રાજયને લેખિત રજુઆત કરવામાં આવી.

મહિસાગર જીલ્લાના સબ રજીસ્ટ્રારી કચેરીઓમાં કોમ્પ્યુટરરાઈઝડ દસ્તાવેજોની નોંધણીની કામગીરી માટે આઉટ સોર્સીંગની કોમ્પ્યુટર ઓપરેટર નિમણૂંક ખાનગી કંપની આર્ડ ઈન્ફોસીસ પ્રાઈવેટ લી.અમદાવાદ મારફતે કરવામાં આવી હતી. મહિસાગર જીલ્લના લુણાવાડા સબ રજીસ્ટ્રાર કચેરીમાં અજીતભાઈ પી. યાદવ, બાલાસીનોર-ગોપાલસિંહ એમ.સોલંકી, વિરપુર-જયેશકુમાર એસ.પરમાર, ખાનપુર (બાકોર) રમેશભાઈ એન.વણકર, કડાણા-રાકેશકુમાર એસ.ગરાસીયા, સંતરામપુર-ચિરાગ બી.પટેલીયા, લુણાવાડા- મનોજકુમાર બારીયા કરવામાં આવી હતી. આ કંપની દ્વારા ઓપરેટરોને નજીવું વેતન ચુકવવામાં આવે છે. તેમાં પણ સરકાર દ્વારા નકકી કરેલ સ્કીલ લેબર તથા ટેન્ડરના નિયમો મુજબ ચુકવવામાં આવતું નથી. આ પેઢી દ્વારા છેલ્લા ૧૩ માસ અને અમુક ઓપરેટરોને ૧૬ માસનો પગાર ચુકવવામાં આવ્યો નથી. જેને લઈ જીલ્લાના સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં કામગીરી કરતાં ઓપરેટરોને વેતન વગર પરિવારનું ભરણપોષણ કરવું મુશ્કેલ બન્યું છે. જેથી ઓપરેટરોને બાકીનું વેતન ચુકવવામાં નહીં આવતાં ઓપરેટરો દ્વારા ગુજરાત રાજ્ય શ્રમ કૌશલ્ય વિકાસ રોજગાર વિભાગને લેખિત રજુઆત કરવામાં આવી છે.

# આયુષ્યમાન કાર્ડથી મારો જીવ બચી ગયો આજે હું હરૂ-ફરૂં છું મને કોઇ તકલીફ નથી-લાભાર્થી



લુણાવાડા, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ સર્વે સન્તુઃ નિરામયા સૂત્રને સાર્થક કરવા માટે દેશના નાગરિકોની આરોગ્યની સુખાકારીની ચિંતા કરીને અને તેમાંય ખાસ કરીને ગરીબ પરિવારો ઉપર આર્થિક સંકટ ન આવે અને તેઓ સમયસર આરોગ્યલક્ષી સારવાર કરાવી શકે તે માટે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના આયુષ્યમાન કાર્ડ યોજના અમલમાં મૂકી છે. આજે આ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાઆયુષ્યમાન કાર્ડ સમગ્ર દેશ સહિત રાજયના નાગરિકો માટે આશીર્વાદરૂપ બની રહી છે. આ કાર્ડના કારણે આજે લાખો પરિવારોને નવજીવન મળ્યું છે. આવી જ કંઇક વાત છે મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ભંડારા ગામના ૭૦ વર્ષિય વ્યવસાયે ખેતી કરતાં રત્નાભાઇ કેસરાભાઇ ડામોરની. તાજેતરમાં સંતરામપુર તાલુકાના ભંડારા ગામના રત્નાભાઇ ડામોરની મુલાકાત લેવામાં આવી ત્યારે તેઓએ તેમની આ મુલાકાત દરમિયાન કહ્યું હતું કે, મને છાતીમાં દુઃખાવો થતાં સ્થાનિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં બતાવવા ગયો હતો જયાં મારી તપાસ કરવામાં આવતાં મને કહેવામાં આવ્યું કે, તમને હૃદયની બિમારી છે એટલે મને કહેવામાં આવ્યું કે, તમે વડોદરા જાવ. વડોદરા જવાનું કહેતા હું વડોદરાની એક ખાનગી હોસ્પિટલમાં બતાવવા ગયો જયાં મને બાયપાસનું ઓપરેશન કરાવવું પડશે તેમ કહેતા મને પૂછયું કે, તમારી પાસે આયુષ્યમાન કાર્ડ છે તો મેં હા પાડી કે, મારી પાસે આયુષ્યમાન કાર્ડ છે. એમ કહેતાં મને કહેવામાં આવ્યું કે, આયુષ્યમાન કાર્ડ છે એટલે તમારૂં બાયપાસનું ઓપરેશન મફત કરવામાં આવશે. વડોદરા ખાતે મારૂં બાયપાસનું ઓપરેશન કરવામાં આવ્યું અને મારો જીવ બચી ગયો, હું હરૂં-ફરૂં છું તેમ કહેતા રત્નભાઇ કહે છે કે, હવે મને કોઇ તકલીફ નથી. નરેન્દ્રભાઇ મોદી નો આભાર કે જેમને આયુષ્યમાન કાર્ડ આપ્યું અને મફતમાં ઓપરેશન થયું. આ આયુષ્યમાન કાર્ડના કારણે મારો જીવ બચી જવાથી મોદી અને ગુજરાત સરકારનો પણ આભાર માનું છું તેમ તેમણે કહ્યું હતું. સામાન્ય રીતે હૃદયની બાયપાસ સર્જરી કરવાનો ખર્ચ ત્રણ થી ચાર લાખ રૂપિયા જેટલો થતો હોય છે, જયારે રત્નાભાઇ ડામોરનું ઓપરેશન મફત થતાં પરિવારને ઘણી રાહત થવા પામી હતી.

# શાળામાં ગીતા ભણાવવાના નિર્ણય સામે ઉલેમા-એ-હિંદ હાઈકોર્ટ પહોંચી




અમદાવાદ, ગુજરાત હાઈકોર્ટે રાજ્યની શાળાઓમાં ભગવદ ગીતા ભણાવવાના નિર્ણય અંગે સરકાર પાસેથી જવાબ માંગ્યો છે. હકીકતમાં, ગુજરાત સરકારે તાજેતરમાં શાળાઓમાં ધોરણ ૬ થી ૧૨ ના અભ્યાસક્રમમાં શ્રીમદ ભાગવત ગીતા સારનો સમાવેશ કરવાની જાહેરાત કરી હતી. નવી શિક્ષણ નીતિ હેઠળ લેવાયેલા આ નિર્ણય મુજબ રાજ્યની તમામ શાળાઓમાં ધોરણ ૬ થી ૧૨ સુધીના બાળકોને ભગવદ ગીતાના સિદ્ધાંતો અને મૂલ્યો શીખવવામાં આવશે. પરંતુ ગુજરાત સરકારના આ નિર્ણય સામે જમીયત ઉલેમા-એ-હિંદ વતી ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી છે. અરજદારે સરકારના પ્રસ્તાવને બંધારણીય માન્યતાના આધારે પડકાર્યો હતો અને દાવો કર્યો હતો કે તે રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું ઉલ્લંઘન છે.

જોકે, હાઈકોર્ટે દરખાસ્ત પર સ્ટે આપવાનો ઈન્કાર કરી દીધો છે. કોર્ટે સરકારને ૧૮ ઓગસ્ટ સુધીમાં જવાબ દાખલ કરવા જણાવ્યું છે. એટલું જ નહીં હાઈકોર્ટે આ કેસમાં કેન્દ્રને પણ પક્ષકાર બનાવ્યો છે. આ વર્ષે માર્ચમાં ગુજરાત સરકારના શિક્ષણ મંત્રીએ ગીતાનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવાની જાહેરાત કરી હતી. જમીયત ઉલેમા-એ-હિંદ તરફથી હાજર રહેલા એડવોકેટ મિહિર જોશીએ કહ્યું, ''ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાનની પ્રણાલીના મૂલ્યો અને સિદ્ધાંતો ચોક્કસપણે શાળાના અભ્યાસક્રમમાં નિર્ધારિત કરી શકાય છે, પરંતુ પ્રશ્ન એ છે કે શું તે માત્ર એક પવિત્ર પુસ્તક છે? એક ધર્મ.'' મૂલ્યો અને સિદ્ધાંતોને પ્રાધાન્ય આપવું જોઈએ. ભારતીય સંસ્કૃતિમાં જે સમાયેલ છે તેની વિશાળ શ્રેણી છે. પરંતુ શું માત્ર એક જ ધર્મના ધાર્મિક પુસ્તકમાં નિર્ધારિત મૂલ્યો અને સિદ્ધાંતોને પ્રાધાન્ય આપવું યોગ્ય છે?

અગાઉ, સરકાર વતી ગીતાનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવાની જાહેરાત કરતી વખતે એવું કહેવામાં આવ્યું હતું કે શાળાના બાળકો ગીતા અને તેના મૂલ્યો વિશે જાણે તે માટે વકતૃત્વ સ્પર્ધા, શ્લોક ગાન અને ગીતા પર સાહિત્યનું પણ આયોજન કરવામાં આવશે. ગુજરાત સરકારે એવા સમયે શાળાઓમાં ભગવદ ગીતા ભણાવવાની જાહેરાત કરી છે જયારે રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ સ્માર્ટ સીટીમાં રખડતા પશુઓના ત્રાસ થી નગરજનો પરેશાન



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ સ્માર્ટ સીટીમાં આમ તો હજ્જારો સમસ્યાથી પરંતુ તેમાંય ખાસ કરીને જો મોટી સમસ્યા હોય તે જાહેરમાં રખડતાં પશુઓની સમસ્યાથી શહેરવાસીઓ હેરાન પરેશાન થઈ ગયાં છે. ત્યારે છેલ્લા એક અઠવાડીયાથી જાહેર રસ્તાઓ ઉપર આખલાઓના યુધ્ધને પગલે વાહન ચાલકો અને રાહદારીઓમાં ભયનો માહોલ પણ જોવા મળી રહ્યો છે. દાહોદ નગરપાલિકાની સામે અને દાહોદના સ્ટેશન રોડ ઉપર જાહેરમાં આખલાઓના યુધ્ધને પગલે વાહનોને નુકસાન સાથે સાથે લોકોના જીવને પણ જોખમમાં મુકે તેવા આ યુધ્ધને પગલે શહેરવાસીઓમાં આખલાઓને જોઈ એક પ્રકારનો ભય પણ જોવા મળી રહ્યો છે.

એક સપ્તાહ પુર્વ દાહોદ નગરપાલિકાની સામે બપોરના સમયે બે આખલાઓના જાહેર માર્ગ ઉપર યુધ્ધને પગલે પાર્કિંગ કરેલ વાહનોને આખલાઓએ ભારે નુકસાન પહોંચાડ્યું હતું. ત્યારે ગતરોજ સમી સાંજના સાતેક વાગ્યાના આસપાસ સ્ટેશન રોડ ખાતે બે આખલાઓનું જાહેરમાં બાખડતાં અડધો કલાક સુધી આ આખલાઓના યુધ્ધને પગલે અવર જવર કરતાં વાહન ચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. વાહન ચાલકો અને રાહદારીઓ રસ્તાની સાઈડમાં ઉભા રહી ગયાં હતાં. આખલાઓ જાહેર માર્ગ ઉપર બાખડતાં વાહન ચાલકોમાં ભયનો માહોલ પણ જોવા મળ્યો હતો. ત્યારે સ્થાનીક લોકો દ્વારા જેમ તેમ કરી આખલાઓને ભગાડી મુક્યાં હતાં પરંતુ અહીં પ્રશ્ન એ ઉભો થાય છે કે, નગરપાલિકાના સત્તાધિશોની મોટી મોટી ગુલબાંગો વચ્ચે આ રખડતા પશુઓ અને જાહેર માર્ગ ઉપર બાખડતા આ આખલાઓનું કાયમી નિરાકરણ કેમ નથી લાવતાં? લોકો ભયના ઓથાર વચ્ચે રસ્તાઓ ઉપરથી પસાર થવું પડે છે. થોડા મહિનાઓ પુર્વે જાહેર રસ્તાઓ ઉપર અડીંગો જમાવતાં પશુઓને કબજે કરવાની કાર્યવાહી પણ માત્ર ગણતરીના દિવસો સુધી પાલિકાના સત્તાધીશો દ્વારા ચલાવ્યાં બાદ આ કામગીરી પણ બંધ થઈ ગઈ છે. દાહોદ શહેરમાં જ્યાં જુઓ ત્યાં પશુઓ રસ્તાની વચ્ચો વચ્ચ અડીંગો જમાવી બેસતચાં વાહન ચાલકો અને રાહદારીઓને જીવના જોખમે ડરના માર્યે પસાર થવું પડે છે અને ખાસ કરીને જાહેરમાં બાખડતા આવા આખરાઓ તો ખરેખર શહેરવાસીઓના માટે હવે માથાનો દુઃખાવો સમાન બની ગયાં છે ત્યારે સમગ્ર મામલે આ મામલે પાલિકા સત્તાધિશો દ્વારા કાયમી નિરાકરણ લાવે તેવી લાગણી અને માંગણી શહેરવાસીઓમાં ઉઠવા પામી છે નહીં તો ભવિષ્યમાં આ જાહેરમાં બાખડતા આખલાઓના ત્રાસથી કોઈ જાનહાની ના થાય તેની તકેદારી રાખી પાલિકા તંત્ર દ્વારા નિર્ણાયક પગલા લેવામાં આવે તે અત્યંત આવશ્યક છે.

# ફતેપુરા તાલુકાના મારગાળા ગામે સોમવાર રાત્રિના પાકા મકાન ઉપર વીજળી પડતા એક બળદ સહિત ભેંસનું મરણ



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

દાહોદ,

ચોમાસાની શરૂઆત થતાં ગાજવીજ સાથે વરસાદી માહોલ સર્જાઇ રહ્યો છે. મોટાભાગના લોકોએ મકાઈ જેવા પાકોની ખેતરોમાં વાવણી કરી ચૂકયા છે. જ્યારે ડાંગર લાયક વરસાદની હજી રાહ જોવાઈ રહી છે. ત્યારે સોમવાર રાત્રિના ગાજવીજ સાથે આવેલા વરસાદ સમયે મારગાળા ગામે પાકા મકાન ઉપર વીજળી પડતા મકાનનો સ્લેબ તૂટી મકાનની અંદર બાંધેલ પશુઓ ઉપર પડતાં એક બળદ સહિત ભેસનું મોતની નીપજવા પામેલ હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના મારગાળાના ગામના તળગામ ફળિયા ખાતે રહેતા ભાભોર કલસીંગભાઈ લાલાભાઈ ખેતીવાડી તથા પશુપાલન કરી પોતાના ઘરનું ગુજરાત ચલાવે છે. જેઓ ગતરોજ રાત્રીના ૯:૩૦ વાગ્યાના અરસામાં જમી પરવારી ઊંઘવાની તૈયારી કરી રહ્યા હતા. તેવા સમયે પાકા મકાનમાં જ્યાં પશુઓ બાંધેલા હતા. ત્યાં ધડાકો થતા ઘરની બહાર નીકળ્યા હતા અને પશુઓ બાંધેલ મકાનનો સ્લેબ તૂટી પડ્યો હોવાનું નજરે જોતા જણાઈ આવ્યું હતું. જેથી ઘરના સભ્યોએ બુમાબુમ કરતા આસપાસ માંથી લોકો દોડી આવ્યા હતા અને મકાનની અંદર બાંધેલ બળદ તથા ભેંસને બચાવવા પશુઓ ઉપર પડેલ સ્લેબને હટાવવાની તાબડતોબ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્યારે સ્લેપ નીચે દબાઈ ઈજાઓ પામેલ ભેંસ મરણ ગયેલ હોવાનું જોવા મળ્યું હતું. જ્યારે સ્લેબ નીચેથી કાઢવામાં આવેલ બળદ જીવીત હતો. પરંતુ ગંભીર ઈજાઓના કારણે એકાદ કલાક બાદ બળદનું પણ મોત નીપજવા પામેલ હોવાનું જાણવા મળે છે.

વધુમાં જાણવા મળતી વિગતો મુજબ મકાન ઉપર વીજળી પડવાથી સ્લેબ તૂટતા બળદનું મોત થતા રૂપિયા ૩૫ હજાર જ્યારે ભેંસનું મોત નીપજતા રૂપિયા ૬૫ હજાર સહિત મકાનને નુકશાન થતાં આશરે ૩ લાખ મળી કુલ રૂ.૪,૦૦,૦૦૦નું નુકશાન પહોંચવા પામ્યું હોવાનું મકાન માલિક દ્વારા નુકશાની અંદાજવામાં આવી હોવાનું જાણવા મળે છે. ઉપરોક્ત બાબતે ભાભોર કલસીંગભાઈ લાલાભાઈએ સુખસર પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરી યોગ્ય કાર્યવાહી કરવા જણાવ્યું હોવાનું જાણવા મળે છે.

# લીમડી કન્યાશાળાની શિક્ષિકા સાથે શિક્ષણાધિકારી દ્વારા અસભ્ય વર્તન કરતાં ખડભળાટ

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી કન્યા શાળામાં શિક્ષકાને તરીકે ફરજ બજાવતા આદિવાસી મહિલા દાહોદ જિલ્લા પ્રાથમીક શિક્ષાણદિકારી દ્વારા શિક્ષકાને હેરાન પરેશાન કરતા અને બદલી કેમ્પમાં શિક્ષિકા સાથે અસભ્ય વર્તન કરી જાહેરમાં સૌની હાજરીમાં શિક્ષિકાને ઉતારી પાડી હોવાના આક્ષેપો ભર્યું આવેદનપત્ર શિક્ષિકા દ્વારા દાહોદ જિલ્લા કલેક્ટરને આપી દાહોદ જિલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારી સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. સમગ્ર મામલો દાહોદ જિલ્લામાં વાયુવેગે ફેલાતાં દાહોદ જિલ્લા શિક્ષણ આલમ સહિત જિલ્લાવાસીઓમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

શિક્ષિકા જયાબેન અડ દ્વારા દાહોદ જિલ્લા કલેકટરને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, દાહોદ તાલુકાના મુવાલિયા ગામ ખાતે ભીલ સેન્ટ્રલ સ્કૂલમાં જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા વધ ઘટ બદલી કેમ્પનુ આયોજન તા.૨૪.૫.૨૦૨૨ તથા ૨૫.૫.૨૦૨૨ ના રોજ કરવામાં આવ્યું હતું. આ બદલી કેમ્પમાં શિક્ષકોને એમની પસંગીના સ્થળો ઉપર બદલી કરવામાં આવેલ પરંતુ શિક્ષિકા જયબેન અડને તેમની પસંદગીનો સ્થળ પસંદ કરવા દેવામાં આવેલ નહીં અને શિક્ષકાને જાહેરમાં પ્રાથમીક શિક્ષણાધિકારી દ્વારા, તૂં તારી કરીને શિક્ષકાને સૌની વચ્ચે અપમાનીત કરવામાં આવી હોવાના આક્ષેપો કરવામાં આવ્યાં છે અને કહેવામાં આવેલ કે તને લીમડી કન્યા શાળા પસંદ કરવાની નથી તને એમ.પી. બોર્ડર પરની શાળા આપીશ ત્યારે આ પ્રકારનું અપમાન સહન નં થતા શિક્ષકાબેન હોલની બહાર જતાં હતા ત્યારે ફરીથી શિક્ષણાધિકારીએ કહેલ કે, બેસ અહીં બેસ, તું આવી છે, તારી મરજીથી પરંતુ જઈશ તૂ મારી મરજી થી, તૂં ધરતીના છેડે જાય ત્યાં તારા ઠેકાણા નહીં પડવા દઉં, આ પ્રકારની અપમાનજનક ભાષામાં મહિલા શિક્ષકાને વાત કરવામાં આવી. જેથી સમગ્ર આદીવાસી સમાજમાં રોષની લાગણી ફેલાઈ હતી અને આદિવાસી શિક્ષકા બહેનને ન્યાય નહીં મળે તો છેવટ સુધી લડી લેવાની ચીમકી સાથે દાહોદ જિલ્લા કલેકટરને સામાજિક કાર્યકર્તાઓ દ્વારા આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

# ગરબાડા તાલુકાના પાટાડુંગરી ગામ ખાતે ટેમ્પા ચાલકે ટુ વ્હીલર બાઈકને અડફેટે બાઈક ચાલકનું ઘટના સ્થળે કમ કમાટી ભર્યું મોત



દાહોદ,

પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા તાલુકાના પાટાડુંગરી ખાતે એક ફોરવીલર ટેમ્પો ૪૦૭ પાંચવાડા થી પાટાડુંગરી તરફ જઈ રહ્યો હતો. તે દરમિયાન આગળ જતી ટુ વ્હીલર બાઈકની સાઈડ કાપતી વખતે ટેમ્પા ચાલકે ટુવીલર બાઈકને અડફેટે લેતા બાઈક સાથે ટેમ્પો રોડની નીચે ડિવાઈડ તોડી પડતા અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં ટૂંકી વજુ ગામના ટુ વ્હીલર બાઈક ચાલકનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું.

તે દરમિયાન અચાનક ૪૦૭ ટેમ્પામાં આગ લાગતા ફોરવીલર ટેમ્પો આગણ જાળામાં ફેરાયો હતો. જે આગની જાણ થતાં ગરબાડા પોલીસ દ્વારા ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી અને ફાયર વિભાગ દ્વારા આગને કાબૂમાં લેવામાં આવી હતી. ઘટનાની જાણ પોલીસને પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

# ઝાલોદની લીમડી ખાતે બે બાઈકો વચ્ચે અકસ્માતમાં દંપતિ પૈકી મહિલાનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં એક મોટરસાઈકલના ચાલકે આગળ જતી અન્ય એક મોટરસાઈકલને પાછળથી જોશભેર ટક્કર મારતાં મોટરસાઈકલ પર સવાર એક દંપતિને ટક્કર મારતાં દંપતિ પૈકી મહિલાનું સારવાર દરમ્યાન મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૦ જુલાઈના રોજ ઝાલોદ તાલુકાના પેથાપુર ગામે રહેતો રાકેશભાઈ રાજુભાઈ ડામોરે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં આવેલ ચાકલીયા રોડ પરથી પસાર થઈ રહ્યાં હતો. તે સમયે તે રસ્તા પરથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલ રાકેશભાઈ વાલીચાભાઈ ડામોર અને તેમની પત્નિ સરીતાબેન રાકેશભાઈ ડામોર (બંન્ને રહે. વરોડ, સુરપળી ફળિયા, તા. ઝાલોદ, જિ.દાહોદ) ને અડફેટમાં લેતાં રાકેશભાઈ અને સરીતાબેન બંન્ને મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયા હતા. જેને પગલે સરીતાબેનને શરીરે, હાથે પગે અને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેઓને તાત્કાલિક વડોદરાની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતા. જ્યાં સારવાર દરમ્યાન સરીતાબેનનું મોત નિપજતાં આ સંબંધે વરોડ ગામે સુરપળી ફળિયામાં રહેતાં લાલસીંગભાઈ રાણજીભાઈ ડામોરે લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વંદે ગુજરાત વિકાસ યાત્રા અંતર્ગત ગ્રામજનો ઘરઆંગણે મેળવી રહ્યાં છે વિવિધ યોજનાકીય લાભો

દાહોદ,

દાહોદ જિલ્લામાં વંદે ગુજરાત વિકાસ યાત્રાનો રથ ગામે ગામ લોકો સુધી વિકાસકાર્યો પહોંચાડી રહ્યો છે. ગત રોજ દાહોદ, ઝાલોદ, લીમખેડા તાલુકાના ૩૨ જેટલા ગામોમાં વંદે ગુજરાત વિકાસ યાત્રાનો રથ પહોંચ્યો હતો. તેમજ ૩૭૨૪ જેટલા નાગરિકો આ અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં સહભાગી થયા હતા. વંદે ગુજરાત વિકાસ યાત્રા અંતર્ગત ગત રોજ યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં ૧૮૯૩ જેટલા લાભાર્થી નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓના લાભ અપાયા હતા. તેમજ ૫૬ જેટલા વિકાસકાર્યોના લોકાર્પણ કરાયા હતા અને ૨૨ જેટલા વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરાયા હતા. આ વેળાએ જનપ્રતિનિધિઓ, અગ્રણીઓ, સરપંચ તેમજ ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

આજે પણ દાહોદનાં બાવકા, ઝાલોદના છાસીયા, ઘેસવા સહિતના ગામોમાં વંદે ગુજરાત વિકાસ યાત્રાનો રથ પહોંચ્યો હતો. રથનું ગ્રામજનોએ ઉત્સાહભેર સ્વાગત કરાયું હતું. રથ સાથે દર્શાવવામાં આવતી ફિલ્મને લોકોએ રસપૂર્વક નિહાળી હતી. ગ્રામજનોને ઘર આંગણે સરકારની વિવિધ યોજનાઓનો લાભ અપાયો હતો. તેમજ ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓની માહિતી પણ અપાઈ હતી.

# દાહોદ જીલ્લાના ખેડૂતોને કમલમ ફળના વાવેતર માટે રાજ્ય સરકારની સહાય મળશે

દાહોદ,

દાહોદ જીલ્લાના ખેડૂતોને કમલમ ફળના વાવેતર માટે રાજ્ય સરકારની સહાય મળશે.આ માટે ખેડુતોએ આગામી તા.૮ ઓગષ્ટ સુધીમાં આઇ ખેડુત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

કમલમ ફળની લોકપ્રિયતા મુખ્યત્વે તેના આકર્ષક દેખાવ અને તેના પૌષકતત્વો, ઔષધિય તેમજ એન્ટીઓક્સીડન્ટ ગુણધર્મોને કારણે છે. આ વાવેતર માટે સહાયના કાર્યક્રમથી આ પાક હેઠળનો વિસ્તાર ઝડપથી વધારી શકાય તેમ છે. તેમજ પરદેશ માંથી આયાત પરની નિર્ભરતા ઘટાડી શકાય તેમ છે. તેમજ ગુજરાતમાંથી અન્ય દેશોમાં નિકાસ દ્વારા રાજયને વિદેશી હુંડીયામણ મેળવવાની વિપુલ તકો રહેલી છે.

શરૂઆતમાં ઊંચાં રોકાણ સામે જરૂરી નાણાંકીય સહાય મળે તેમજ ઉત્પાદનનાં મૂલ્યવર્ધન થકી સારા બજારભાવ મેળવી શકાય તે હેતુસર બાગાયતી યોજનાઓ અંતર્ગત કમલમ ફળ (ડ્રેગનફ્રૂટ) ના વાવેતર માટે સહાયનો કાર્યક્રમ મંજુર થયો છે. આ યોજનાનો મહત્તમ લાભ લઇ શકે તે માટે આઇ-ખેડુત પોર્ટલ તા.૦૯/૦૭/૨૦૨૨ થી તા.૦૮/૦૮/૨૦૨૨ સુધી ખુલ્લુ મુકવામાં આવેલ છે. ઉક્ત સમયગાળા દરમ્યાન આઈ-ખેડુત પોર્ટલ (www. ikhedut. gujarat. gov.in) પર ઓનલાઇન અરજી કરવા નાયબ બાગાયત નીયામકએ જણાવ્યુ છે.

અરજી કર્યા બાદ સાધનિક કાગળો સાથેની અરજી નાયબ બાગાયત નિયામકની કચેરી, રૂમ નંબર ૨૩૩, જિલ્લા સેવા સદન, દાહોદ (ટેલીફોન નંબરઃ ૦૨૬૭૩-૨૩૯૨૫૧) પર દિન-૭ માં મોકલી આપવી.

# ફતેપુરા ખાતે તાલુકા કક્ષાનો રોજગાર ભરતી મેળો અને સ્વરોજગાર માર્ગદર્શન શિબિર યોજાઇ



દાહોદ,

જીલ્લા રોજગાર વિનિમય કચેરી દાહોદે સરકારી આઈટીઆઈ ફતેપુરા ખાતે ફતેપુરા, ઝાલોદ તથા સંજેલી તાલુકાના ઉમેદવાર ભાઈઓ અને બહેનોને ખાનગી ક્ષેત્રમાં રોજગારી અને સ્વરોજગારીની તકો મળે તે માટે તાલુકા કક્ષાનો રોજગાર ભરતી મેળો અને સ્વરોજગાર શિબિર યોજાઇ હતી.

આ રોજગાર ભરતી મેળામાં દાહોદ, અમદાવાદ, મહીસાગર જીલ્લાના નોકરીદાતાઓ હાજર રહ્યા હતા. ભરતી મેળામા ૧૮ થી ૩૫ વર્ષના ધો ૧૦ પાસ, ૧૨ પાસ, આઈટીઆઈ અને ગ્રેજયુએટ લાયકાત માટેના ૨૫૦ જેટલી એસેમ્બલી ઓપરેટર, એસોસીએટ ટ્રેની, મેનેજર જેવી ટેકનીકલ નોન ટેકનીકલ જગ્યા માટે ૧૦૦ થી વધુ ઉમેદવારોએ ઈન્ટરવ્યુ પ્રક્રીયામા ભાગ લીધો.

આ ભરતી મેળામાં ૮૦ થી વધુ ઉમેદવારોની પ્રાથમીક પસંદગી કરવામા આવી હતી અને રૂ. ૧૦-૧૭ હજાર સુધીના પગારની ઓફર કરાઇ હતી. જીલ્લા રોજગાર કચેરી દ્વારા ૧૮૦૦ જેટલા ઉમેદવારોને ભરતી મેળામાં ભાગ લેવા એસ એમ.એસ અને ઈમેલથી જાણ કરાઇ હતી.

ઉમેદવારોને આગામી દિવસોમાં ઘરેબેઠા રોજગારીનો લાભ લેવા અનુબંધમ પોર્ટલ www.anubandham.gujarat.gov.in પર અને નેશનલ કેરિયર સેન્ટર www.ncs.gov.in પર રજીસ્ટ્રેશન કરવા અને રોજગાર સેતુ હેલ્પલાઈન ૬૩૫૭૩૯૦૩૯૦નો સંપર્ક કરવા તેમજ ભરતી મેળામાં રોજગારી મેળવવા માંગતા ન હોય તેઓને સ્વરોજગારી માટે સ્વતંત્ર ધંધો વ્યવસાય કરવા લોન સહાય મેળવવા જીલ્લા ઉધોગ કેન્દ્ર દાહોદનો જરૂરી ડોક્યુમેન્ટ સાથે સંપર્ક કરવા જીલ્લા રોજગાર અધિકારી એ.એલ.ચૌહાણ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# દાહોદ જિલ્લામાં બે જુદા જુદા સ્થળોએથી બે ૧૬ વર્ષીય સગીરાઓને લગ્નની લાલચે યુવકો અપહરણ કરી લઈ નાસી ગયા

દાહોદ,

સગીરાના અપહરણનો પ્રથમ બનાવ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ગાંગરડી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા. ૮મી જુલાઈના રોજ ગરબાડા તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરા ગાંગરડી બસ સ્ટેશન ખાતે ઉભી હતી. તે સમયે ત્યાં ધાનપુર તાલુકાના બાટણપુરા ગામે પુજારા ફળિયામાં રહેતાં ગોવિંદભાઈ અરવિંદભાઈ ભુરીયા આવ્યો હતો અને સગીરાને પટાવી, ફોસલાવી લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સગીરાના અપહરણનો બીજો બનાવ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ઘેસવા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા. ૨ જુલાઈના રોજ ઝાલોદ તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને ઘેસવા ગામે લીમડા ફળિયામાં રહેતો સુનીલભાઈ કાળુભાઈ ડામોરે સગીરાને પટાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા ચાકલીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે. બારીયા તાલુકા આરોગ્ય અધિકારીનો બેદરકારીના કારણે આયુષ્યમાન કાર્ડ અપડેટ કરતા કર્મીઓ કાર્ડ બનાવતા નથી...?

દે.બારીયા,

દાહોદ જીલ્લાના આરોગ્ય વિભાગના દ્વારા જીલ્લાના દરેક તાલુકામાં આયુષ્યમાન કાર્ડ બનાવવા માટે મેગા ઝુંબેશના કેમ્પ શરૂ કરવામાં આવ્યા હતા. તે સમયને ૩ થી ૪ માસનો સમય થવા આવ્યો તેમ છતાં કાર્ડ જે તે લાભાર્થીઓના બનાવ્યા નથી. પરંતુ કાર્ડની પી.ડી.એફ. દરેક લાભાર્થીને તેના મોબાઈલ ઉપર વોટસએપ થી મોકલીને કોન્ટ્રાક્ટરનો કર્મી પોતાની ફરજ પ્રત્યે પુરી થઈ છે. તેવું માની બેસી જતા હોય છે શું...? કોન્ટ્રાકટરની શરતોમાં ખાલી પી.ડી.એફ. મોકલવાની શરતો મંજુરી મળી છે કે પછી કાર્ડ બનાવીને આપવાની શરતો થી ટેન્ડર મંજુરી મળી છે. તો તો તાલુકાના અને જીલ્લાના પદના અધિકારીઓને જોવાનું છે. પરંતુ અહીં તો તાલુકાના આરોગ્ય અધિકારી પોતાની જવાબદારી સ્વીકારતા નથીને બહાના બાજી બનાવતા હોય તેવું પ્રથમ નજરે લાગી રહ્યું છે. એકબાજુ સરકારની ઘોષણા જુમલાબાજી સાબિત થવા પામી છે. દરેકે દરેક છેવાડાના વ્યકિત સુધી આયુષ્યમાનમાં વાત્સલ્ય કાર્ડ વિના મુલ્યે બનાવી આપવાની ઉદ્દઘોષણાઓનો પ્રચાર પ્રસાર પણ થાય છે. દરેક ફળીયાના એક સેન્ટર ઉપર એક મહિલા કોમ્પ્યુટર ઓપરેટરે ૪૦ થી ૫૦ રૂપીયા લીધા હોવા છતાં ૩-૪ માસનો સમય વિતી જવા આવ્યો છે પણ કાર્ડ આપવામાં આવ્યા નથી. હાલમાં આશા વર્કર પણ સર્વે કવા માટે આવ્યા હતા. જેઓ પણ જેમના કાર્ડ મળ્યા નથી. તેમને ઘરે આપવામાં આવશે. તેવું આશ્વાસન આપી જતા રહે છે. અત્રે ઉલ્લેખનિય છે કે, જુના ઓપરેટરને છુટો કર્યા બાદ નવા ઓપરેટરની હાલમાં નિમણૂંક કરી છે. તે આ કાર્ડની કામગીરી કરવા માટે કાલોલ મુકામે થી ૧૨ વાગ્યા બાદ આવે છે અને બે કલાકે પરત જતો રહે છે. તે કેટલો સમય પોતાની ફરજ બજાવે છે. તે સ્થાનિક આરોગ્ય અધિકારીની દેખરેખ કરવાની જવાબદારી રહે છે. આજે ૧૧/૦૭/૨૦૨૨ સોમવારના ખુલતી ઓફિસના દિવસે પણ આ બન્ને કોમ્પ્યુટર ઓપરેટરો ગેરહાજર હતા. લાભાર્થીઓ બેસી આંટા ફેરા મારી પરત જતા રહ્યા તેમના ધકકા માટે કોણ અને કોણ જવાબદારી લેશે...? તે મોટો સવાલ છે.

# લીમખેડામાં આદિવાસી પરિવારો દ્વારા અનુસુચિત જાતિના ખોટા પ્રમાણપત્ર લેનાર સામે કાર્યવાહી કરવા માંગ

લીમખેડા,

લીમખેડા આદિવાસી પરિવાર દ્વારા અનુસુચિત જનજાતિના ખોટા જાતિ પ્રમાણપત્ર લેનાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ ૬૪ એમ.બી.બી.એસ.વિદ્યાર્થીઓના પ્રવેશ રદ્દ કરવા સહિતની માંગણીઓને લઈને રાજયપાલ અને મુખ્યમંત્રીને સંબોધિને લીમખેડા મામલતદારને આવેદનપત્ર આપ્યુ હતુ.

આવેદનપત્રમાં જણાવ્યુ હતુ કે, ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ રાજય સરકાર અને સાચા આદિવાસી અધિકાર બચાવ સમિતિ વચ્ચે થયેલુ લેખિત સમાધાન, જાતિ પ્રમાણપત્ર કાઢી આપનારનુ અને તેની ખરાઈ કરવાનુ નિયમન બાબત અધિનિયમ ૨૦૧૮ અને તેના સંદર્ભે બનાવેલ ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૦ના સાચા આદિવાસી અધિકાર બચાવ સમિતિ ગાંધીનગર સાથે સરકારે ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સમાધાન કર્યુ હતુ. ૪ ઓગષ્ટ ૨૦૨૦ ના રોજ ગીર બરડા અને આલેચના જંગલમાં નેશમાં રહેતા રબારી ભરવાડ અને ચારણ જાતિના લોકોને તા.૨૬ ઓકટોબર ૧૯૫ની સ્થિતિએ વસવાટ કરતા અને તેમના વારસદારો નકકી કરવા બાબત કારીયા સમિતિની રચના કરાઈ હતી. ગુજરાત સરકારે વીજીલન્સ સેલ દ્વારા ચાસણી કરી ખોટા જાતિ પ્રમાણપત્ર લેનારાઓની યાદી વિશ્લેષણ સમિતિને આપી હતી એ યાદી હાઈકોર્ટમાં રજુ કરાઈ હતી. તે પૈકી ૬૪ જેટલા વિદ્યાર્થીઓની ખોટા જાતિ પ્રમાણપત્ર લેનારાઓની સામે કાર્યવાહી કરવા હાઈકોર્ટે તા.૨ ઓગષ્ટ ૨૦૧૯ના રોજ ઓરલ ઓર્ડર કર્યો હતો.

# દે.બારીઆના ચેનપુર ગામે કુતરાના શિકાર માટે દિપડો ઘરમાં ઘુસી જતાં રહિશોમાં ભય

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના ચેનપુર ગામ ખાતે રહેતા શના વિરસીંગ પટેલના ઘરે રાત્રિના સમયે કુતરાનો શિકાર કરવા માટે પાછળ પડેલો દિપડો ઘરમાં ઘુસી જતાં રહિશોમાં ભયની લાગણી ફેલાઈ જવા પામી હતી.

દે.બારીઆમાં આવેલ ડુંગર વિસ્તારમાં હવે કોઈ મોટી ઝાડીઓ રહી નથી. અને જેને કારણે દિપડા જેવા પ્રાણીઓ પોતાના ખોરાક અને પાણીની શોધમાં ગ્રામ્ય માનવ વસ્તી સુધી આવી જતા હોય છે. જેથી ખોરાકની શોધમાં દિપડો શિકાર માટે કુતરાની પાછળ પડતા કુતરો રહેણાંક ઘરના અર્ધ ખુલ્લા દરવાજામાં આવીને ભરાઈ ગયો હતો. દિપડો ઘરમાં ઘુસી ગયો હોવાની ખબર પડતા ઘરના સભ્યોના જીવ તાળવે બંધાયા હતા. અને આસપાસના લોકો દિપડો ભરાયો હોવાની ખબરનો લઈ ટોળેટોળા ઉમટી પડ્યા હતા. આ અંગે વનવિભાગ દે.બારીઆને જાણ કરતા એ.સી.એફ.આર.એમ. પુરોહિત પોતાના સ્ટાફ સાથે દોડી આવ્યા હતા. અને દિપડાનુ રેસ્કયુ કરવુ અઘરૂ હોય છતાં પણ દિપડાને દિવસ દરમિયાન સાવચેતીપુર્વક ઘરમાંથી બહાર કાઢ્યો હતો.

# ગરબાડામાં વીજળી ખોરવાઈ જતાં રહિશો પરેશાન

ગરબાડા,

ગરબાડાની મધ્ય ગુજરાત વીજ કંપનીના અંધેર વહીવટથી પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે. રવિવારના રોજ વરસાદ પડવા સાથે જ લાઈટ ચાર કલાક બંધ રહી હતી. સોમવારના રોજ પણ પરોઢથી લાઈટ બંધ કર્યા બાદ તે આઠ કલાકે આવી હતી. ચોમાસાની શરૂઆત થતાં જ પ્રિ-મોન્સુનની કામગીરીની પોલ છતી થઈ ગઈ છે. સામાન્ય વરસાદના ઝાપટામાં લાઈટો બંધ થઈ જાય છે. અને બે-બે કલાક સુધી લાઈટો બંધ રહેતા ધંધા-રોજગાર પર પણ તેની અસર જોવા મળી રહી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.272

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લામાં સાર્વત્રિક વરસાદ થતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

ગોધરા,
પંચમહાલ જીલ્લાના તમામ તાલુકા સહિત ગોધરામાં ગતરોજ મોડી સાંજે ધોધમાર વરસાદ વરસવાનું શરૂ કર્યું હતું. માત્ર બે કલાકમાં ૬ ઈંચ જેટલો વરસાદ ખાબકતા શહેરના નીચાણવાળા વિસ્તારોના ઘરોમાં પાણી ઘુસી જવા પામ્યા સાથે માર્ગો ઉપર પાણી ફરી વળતા વાહન ચાલકો પરેશાન થયા ભારે વરસાદને લઈ નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોના જીવ તાળવે ચોંટીયા હતા.

ગોધરા શહેરમાં ગતરોજ સાંજે ૬ વાગ્યા થી ધોધમાર મુશળધાર વરસાદ વરસવાનું શરૂ કર્યું હતું. વિજળી કડાકા-ધડાકા સાથે શરૂ થયેલ વરસાદને શહેરના માર્ગો ઉપર પાણી ફરી વળ્યા હતા. શહેરમાં માત્ર બે કલાકમાં ૬ ઈંચ જેટલો વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. શહેરના ભુરાવાવ ગણેશ નગર, ખાડી ફળીયા, બી.વી.ગાંધી પેટ્રોલ પંપ પાસે શાંતિ નિવાસ, પ્રભા કોતર પાસે ગણેશ નગર, દડી કોલોની, બામરોલી રોડ વિસ્તારમાં વરસાદી પાણી ઘરોમાં ઘુસી ગયા હતા. ભારે વરસાદને લઈ પાણીના નિકાલના અભાવે પાણી ઘરોમાં પ્રવેશી ગયા હતા. જયારે શહેરની મેશરી નદીમાં પુર આવતાં નદી કાંઠાના વિસ્તારોમાં વરસાદી પાણી ઘુસી જતાં સ્થાનિક રહિશોમાં પાલિકાની પ્રિમોન્સુન કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. ગોધરા શહેરમાં સાંજના ૬ વાગ્યા થી સવારના ૬ વાગ્યા સુધી ૧૦ ઈંચ વરસાદ ખાબકી ચુકયો છે.

શહેરના બી.વી.ગાંધી પેટ્રોલ પંપ પાસેની સોસાયટીઓમાંથી વરસાદી પાણીના નિકાલ માટે લાખો રૂપીયાના ખર્ચે ભુંગળા નાખીને નાળું બનાવવામાં આવ્યું છે. તેમ છતાં વરસાદી પાણીનો નિકાલ નહિ થતાં સોસાયટીના મકાનોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. જેને લઈ પાલિકાની કામગીરી સામે રહિશોમાં રોષ જોવા મળ્યો હતો.

## કાલોલ તાલુકાના ઘૂસર ગામ પાસે ગોમા નદી પરનો ડીપ નાળુ તૂટ્યું



કાલોલ તાલુકાના ઘૂસર ગામ પાસે ગોમા નદીમાં વરસાદી પાણી વધુ આવી જતા ગોમા નદી પરનો ડીપ નાળુ તૂટી પાણીના પ્રવાહ સાથે વહી ગયું છે.

ગત સમગ્ર ગુજરાત રાજ્ય સહિત પંચમહાલ જિલ્લામાં અતિભારે વરસાદ ખાબકતા રાજયની નદી નાળાઓમાં વરસાદી પાણી આવી જતા કેટલાક ગામો સંપર્ક વિહોણા બન્યા છે. ત્યારે પંચમહાલ જિલ્લામાં ગત રોજ રાત્રીના સમયે થયેલ અતિભારે વરસાદના કારણે જીલામાંથી પસાર થતી ગોમા નદીમાં વરસદી પાણીના નવા નીર આવી જતા આ પુરના પાણીમાં ઘૂસર થી પરૂણા અને અથામના જવા માટેનો બનાવવામાં આવેલ ડીપ નાળુ વરસાદી પાણીના પ્રવાહમાં તૂટી જતા કાગળની જેમ પાણીમાં વહી ગયું છે.

ઘૂસર ગામ પાસે ગોમા નદી પરનો ડીપ નાળુ તૂટી જવાના કારણે હાલ ઘૂસરથી પરૂણા અને અથમના ગામ સાથેનું સંપર્ક તૂટી ગયો છે. આ ગામોના વચ્ચે અરસપરસમાં થતા કામકાજને લગતા વહેવારો હોય તેમજ સામાજિક અને ખેતીવાડીના કામેં જવા માટે આ ડીપ નાળા પરથી પસાર થવો પડતો હતો. ઘૂસર ગામ પાસે ગોમા નદી પરનો ડીપ નાળો તૂટી જવાથી અને હાલમાં નદીમાં વધારે પડતું વરસાદી પાણી વહેતું હોવાના કારણે ગામના લોકોનો તેમજ ખેડૂતોને આ ડીપ નાળા પરથી અવર જવર કરવા મુશ્કેલ બન્યું છે.

## વેજલપુર ગ્રામ પંચાયત અને મનરેગા શાખાની વરસાદમાં પોલ ખુલી


તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,
કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં મનરેગા યોજના માંથી કાંસની સફાઈના નામે ત્રણ લાખ જેટલી રકમ ઉપાડી લેતા ચકચાર અને કાંસની સફાઈ માત્ર દેખાવ પૂરતી કાંસની સફાઈનું કામ મોટા તળાવ સુધી કરવાની હતી, પરંતુ અધૂરી કામગીરી કરી હતી. જેથી વરસાદ પાણી તળાવમાં આવે તે પહેલાં નાળાના પાઈપો ચોક્અપ થયેલ હતી. જેથી ગામના જાગૃત નાગરિકો જાતે પોતાના સ્વખર્ચે જીસીબી બોલાવીને ચોકઅપ પાઈપોની કામગીરી કરીને પાણીનો નિકાલ કર્યો હતો. જેથી મોટા તળાવમાં નવા નીરની આવક જોવા મળી હતી. બીજી તરફ રૂપારેલ નદીમાં ભયંકર ગંદકીના કારણે નાની મસ્જીદ થી હરિજનવાસ જવાના રસ્તાનું નાળુ ગ્રામ પંચાયતએ અધૂરી કામગીરી મૂકી છે. તે નાળાના પાઈપ ચોકઅપ થયા હતા. જેથી વેજલપુર ગ્રામ પંચાયત પણ સફાઈમાં નિષ્ફળ સાબિત થયા કારણ કે, વેજલપુર ગ્રામ પંચાયતે ચોમાસા પહેલા નદી નાળા સાફ સફાઈ કરાવવાની હોય તેમ છતાં કરાવેલ ન હોવાથી નદીના નાળા ભયંકર ગંદકી થી જામ જેથી નાળાના પાઈપ માંથી પાણી ન જતા ગ્રામ પંચાયતના સભ્યો અને ગામના જાગૃત નાગરિકોએ જાતે સફાઈ કરવી પડી. વેજલપુર ગ્રામ પંચાયતની બેદરકારી પીવાના પાણીની પાઈપ લાઈનનો પાઈપ નદીની પટમાં નાખી રાખ્યો હતો. તે પણ પાણીમાં વહેણમાં તણાયો અને ચોક્અપ નાળા પાસે ફસાયો. જેથી ગ્રામ પંચાયતના સભ્યો અને ગ્રામજનો જાતે સફાઈ કરતા નજરે પડયા.




ગોધરા શહેરમાં મોડી સાંજ થી શરૂ થયેલ વરસાદમાં ખાડી ફળીયા, છકડાવાડ, ઈદગાહ મોહલ્લા સહીતના વિસ્તારમાં ઘરોમાં પાણી ભરાયા. વધુ પાણી હોવાથી સ્થાનિક રહીશો દ્વારા વહેલી સવારે જીલ્લા કલેકટર સમક્ષ રૂબરૂ હાજર રહી પાણીના નિકાલ માટે રજુઆત કરી હતી.



ગોધરાના ગદુકપુર કોઝ વે પરથી ધસમસતા પાણીના પ્રવાહમાં કાર તણાઈ હતી. ત્યારે જીલ્લા પોલીસ અધિક્ષક સહિતના જવાનોએ કારમાં સવાર ૪ લોકોની વ્હારે આવીને બચાવી લેવામાં આવ્યા.

## ઘોઘંબા કણબીપાલીને જોડતો કરાડ નદીનો પુલ ધોવાતા ૧૭ જેટલાં ગામોને સંપર્ક કપાયો


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા તાલુકામાં ગતરોજ ધોધમાર વરસાદના કારણે ઘોઘંબામાં ભારે નુકશાન થયું હતું. જેમાં ઘોઘંબા અને કણબીપલ્લીને જોડતો કરાર નદીનો પુલ ધોવાઈ જતાં ૧૭ જેટલાં ગામોનો સંપર્ક કપાયો હતો અને કાર તથા અન્ય મોટા વાહનોની અવરજવર બંધ થઈ ગઈ હતી. માત્ર બાઈક પસાર થાય તેટલો જ ભાગ બચ્યો હતો. જેથી આ વિસ્તારના લોકો માર્ગ અને મકાન વિભાગને જાણ કરવામાં આવતા તંત્ર દવરા તાત્કાલિક ઉંઈઈ વડે માટી પુરાવી મોટા વાહનોની અવરજવર પુનઃ ચાલુ કરવી હતી. ભારે વરસાદ કારણે આજુબાજુની માટી ઘસી પડતા પુલની દિવાલ તૂટી પડતા મોટુ ગાબડું પડ્યું હતું. જેને તંત્ર દવરા હંગામી ધોરણે પુરાણ કરાવી ચાલુ કરાવ્યો હતો. પરંતુ આ પુરાણ કેટલું ટકે છે, તે તો જોવું જ રહયું.



ઘોઘંબાના દેવલીકુવા થી ઓટાલા, વાવ કુંડલી, પાદેડી સહિતના ૧૦ જેટલા ગામોને જોડતો કોઝ વે પાંચ વર્ષ પહેલા બન્યો હતો. આ કોઝ વે તુટતાં ગામ લોકોને એક ગામ થી બીજા ગામ જવા માટે ૮ કિ.મી.નો લાંબો ફેરો ખાવાનો વારો આવ્યો છે.



જાંબુઘોડા પંથકમાં સાંજના સાત થી રાતના એક વાગ્યા સુધીમાં ૧૭ ઈંચ જેટલો ધમાકેદાર વરસાદ વરસતા જળ બંબાકાર જેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. પિતા-પુત્રની જોડી અસરગ્રસ્તોને મદદે-વરસતા વરસાદમાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જતા જિલ્લા ભાજપા મહામંત્રી મયકકુમાર દેસાઈ તથા તેમના પુત્ર જાંબુઘોડા સરપંચ જીતકુમાર દેસાઈ વરસતા વરસાદમાં ખડેપગે રહી અસરગ્રસ્તોને મદદ કરી.



ગોધરા શહેરમાં ખાબકેલ ધોધમાર વરસાદને લઈ શહેરમાં ઉભી થયેલ વરસાદી પાણીની સ્થિતીનો તાગ મેળવવા માટે ગોધરા મામલતદાર કેડ સુધીના પાણી વચ્ચે અસરગ્રસ્તો સુધી પહોંચ્યા હતા.

## ઘોઘંબામાં ભારે વરસાદને કારણે અસરગ્રસ્ત પામેલા લોકોને ધારાસભ્ય જયદ્રથસિંહ પરમારે રૂબરૂ મળી તેમની મદદ કરી શાંત્વના આપી


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા છેલ્લા બે દિવસથી વરસી રહેલા અતી ભારે વરસાદના કારણે ઘોઘંબા તાલુકાના કેટલાક ગામો અસ્તવ્યસ્ત બની ગયા છે. ઘોઘંબા નગરમાં પાણી ભરાઈ જવાથી ભારે નુકશાન પહોચ્યું છે. તેમજ વાળીનાથ અને ઘોઘંબામાં પશુ અને મનુષ્ય એ પણ જીવ ગુમવ્યા છે. ત્યારે હાલોલના ધારાસભ્ય જયદ્રસિંહ પરમાર તથા ઘોઘંબા ભાજપના કાર્યકરો કાદવ કીચડ ખુંદી અસર ગ્રસ્તોની મુલાકાતે પહોંચ્યા હતા. હાલોલ વિધાનસભાના સંવેદનશીલ એવા ધારાસભ્ય જયદ્રસિંહ પરમાર પણ અસરગ્રસ્તોની વેદના જાણવા અને તેમને મદદ કરવાની નેમ સાથે પગદંડી રસ્તા ઉપર ચાલી અસરગ્રસ્તોને મળી તેમની મદદ કરી અને શાંત્વના પાઠવી તેમને મળતી તમામ પ્રકારની સહાય અપાવવાની ખાતરી આપી હતી. પ્રજાની તકલીફને પોતાની તકલીફ સમજી છેવાડાના ઘર સુધી પહોંચી દરેક અસરગ્રસ્તને મળી તેમને સાંત્વના આપી હતી. કપરી પરિસ્થિતિમાં ધારાસભ્યને પોતાના ઘર આંગણે મદદ માટે આવેલા જોઈ કેટલાક અસરગ્રસ્તએ ભીની આંખે ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો હતો. ધનેશ્વરના કોતરમાં તણાયેલા અને મૃત્યુ પામેલા જગદીશ પરમારના ઘરે જઈ તેમના ઘરે બેસી મુતકના પરીવારને ચાર લાખનો ચેક આપી આર્થિક મદદ કરી હતી અને મૃતકના આત્માને શાંતિની પ્રાર્થના કરી પરીવારજનોને હિંમત આપી હતી. જયદ્રસિંહ પરમાર સાથે ઘોઘંબા તાલુકા ભાજપ પ્રમુખ ગુણવંતસિંહ ગોહિલ, યુવા મોરચા પ્રમુખ નરેન્દ્રસિંહ પરમાર, જિલ્લા સદસ્ય ભુપેન્દ્રસિંહ સોલંકી, સરપંચ નિલેશ વરીઆ, પ્રજ્ઞેશભાઈ શાહ તથા દિવ્યરાજ પટેલ અને ઘોઘંબા યુવા કાર્યકરો હાજર રહ્યા હતા.

## પાવાગઢ ખાતે કાર્યરત રોપ વે સેવા ૧૭ જુલાઈ થી ૨૨ જુલાઈ સુધી મેન્ટેનન્સને લઈ બંધ રહેશે

પાવાગઢ,
પંચમહાલ જીલ્લાના યાત્રાધામ પાવાગઢ ખાતે દર્શનાર્થીઓની ભારે ભીડ રહેતી હોય છે. ચોમાસાની સીઝનમાં દર્શનાર્થે આવતાં ભક્તો માતાજીના દર્શન કરવા માટે ચાલીને જતા હોય ત્યારે વરસાદી સીઝનને લઈ પાવાગઢ ખાતે કાર્યરત રોપ વે સેવાને ૧૮ જુલાઈ થી ૨૨ જુલાઈ સુધી મેઈન્ટેનન્સ કારણો થી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પાવાગઢ યાત્રાધામ ખાતે મોટી સંખ્યામાં માતાજીના દર્શને માઈ ભક્તો આવતા હોય છે. હાલ ચોમાસાની સીઝન હોય જેને લઈ પાવાગઢ માંચી ખાતે કાર્યરત રોપ વે સેવાને પિરિયોડિક મેઈન્ટેનન્સને લઈ રોપ વે સેવા આપતી ઉષા બ્રેકો કંપની દ્વારા તા.૧૮ જુલાઈ થી ૨૨ જુલાઈ સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.



પંચમહાલ જિલ્લા ના ગોધરા શહેરમાં લો વિષયના અભ્યાસ માટે એક માત્ર જૂની અને જાણીતી લો કોલેજ આવેલ છે. જેમાં પંચમહાલ તેમજ આજુબાજુના જિલ્લાના વિદ્યાર્થીઓ LL B. તથા LL. M ના અભ્યાસ અર્થે આવતા હોય છે. વર્ષો જૂની લો કોલેજ ખાતે ઘણા લાંબા સમય થી અધ્યાપકની જગ્યા ખાલી પડેલ હતી. જે અનુરૂપ, ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા અધ્યાપક સહાયક ની કેન્દ્રીયકૃત ભરતી અન્વયે લો કોલેજ ગોધરા ખાતે ડો.અર્ચના યાદવની પ્રોફેસર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

## નામદાર કોર્ટના હુકમના આધારે ગેરકાયદેસર રીતે ભારતમાં વસતા પાકિસ્તાની નાગરિક વિરૂદ્ધ જીલ્લા અદાલતે અપીલમાં હુકમ કરી રૂા.૧૫ હજાર દંડ કર્યો

ગોધરા,
સમગ્ર બનાવની હકીકત એવી છે કે, મૂળથી પાકિસ્તાની નાગરિક એવા અકીલ વલીભાઈ પીપલોદવાલા મૂળ રહે. કરાંચી પાકિસ્તાનનાઓ સને ૧૯૯૧-૯૨ ના અરસામાં પાકિસ્તાન પાસપોર્ટ અને ભારતના વિઝા ઉપર ભારતમાં આવેલ અને ત્યારબાદ આ પાકિસ્તાની નાગરિક પાકિસ્તાન પરત જાવ માંગતા ન હોઈ તેઓએ ગોધરાના મહેરબાન સીવીલ જજ (સી.ડી)ની કોર્ટમાં રે.દિ.મુકદમા નંબર ૨૨ /૧૯૯૨ નો દાખલ કરી નામદાર કોર્ટ પાસેથી સરકારથી પોતાને ડીર્પોટ કરે નહી પોતે નામદાર કેન્દ્ર સરકારમાં સીટીઝન શીપ એકટ ની કલમ ૯ (૨) મુજબની અરજી કરી યોગ્ય નિર્ણય મેળવે નહી ત્યાં સુધી તેઓને સરકાર ભારત દેશમાંથી કાઢી ન મુકે તે પ્રમાણેની દાદ માંગેલ હતી. જે તે સમયે આ દાવો નામદાર ગોધરાના સીવીલ જજ (સી.ડી)ની કોર્ટમાં ચાલી જતાં નામદાર કોર્ટ દ્વારા સને ૧૯૯૯ ની સાલમાં આ પાકિસ્તાની નાગરિકનો દાવો મંજુર કરવામાં આવેલ હતો અને તેમને ભારત દેશમાંથી પાકિસ્તાન યોગ્ય કાર્યવાહી કર્યા સિવાય મોકલવા નહી તેવો મનાઈ હુકમ સરકારને આપેલ હતો. જેથી આ હુકમ થતાં જે તે સમયે નામદાર સરકાર દ્વારા જિલ્લા અદાલતમાં હુકમ વિરૂધ્ધ અપીલ દાખલ કરવામાં આવી હતી અને તે અપીલ હાલ પંચમહાલ જિલ્લાના મહેરબાન પ્રિન્સીપલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ જે.સી.દોશીની કોર્ટમાં ચાલવા ઉપર આવતા નામદાર કોર્ટ દ્વારા જિલ્લા સરકારી વકીલ રાકેશ.એસ.ઠાકોરની વિગતવારની દલીલો તથા કેસનું રેકર્ડ તથા જિલ્લા પોલીસ વડાથી દ્વારા તૈયાર કરવામાં આવેલ માહીતી પત્રકને ધ્યાને લઈ અને પાકિસ્તાની નાગરિક દ્વારા જે દસ્તાવેજો રજુ કરવામાં આવેલા તે જોતાં તેમાં રજુ થયેલ મેરેજ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટને જોતાં તેમાં પણ અકીલ વલીભાઈ પીપલોદવાલાનું કાયમી સરનામું કરાંચી, પાકિસ્તાનનું છે તથા તેના પિતાનું પણ સરનામું કરાંચી, પાકિસ્તાનનું જણાવવામાં આવેલ છે અને આ કામે જે કોઈ દસ્તાવેજો આ પાકિસ્તાની નાગરિકે રજુ કરેલા તે પણ દાવો કરવા માટે ઉપજાવી કાઢેલો હોય તેવું જણાય છે. એવું ધ્યાને આવતા નામદાર કોર્ટ દ્વારા આ તમામ બાબતોને ખુબ જ ગંભીરતા પુર્વક લઈ અને નામદાર કોર્ટના પ્રોસેસનો દુર ઉપયોગ કરી તદ્દન ખોટી રીતે પાકિસ્તાની નાગરિકો ભારતમાં ખોટી રીતે રહે તે ચલાવી શકાય નહીં તેમ ગણી અને પંચમહાલ જિલ્લાના મહેરબાન ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ થી જે.સી.દોશી તા. ૧૨/૦૭/૨૦૨૨ ના રોજ હુકમ કરી નામદાર સરકાર અપીલ મંજુર કરવામાં આવી છે અને નામદાર કોર્ટે પોતાના હુકમમાં નોંધ્યું છે કે આ પાકિસ્તાની નાગરિક એવા અકીલ પીપલોદવાલાએ સરકારને આ અપીલ કરવા માટે જે કોઈ પણ સમગ્ર ખર્ચ થયો હોય તે તમામ ખર્ચ આ અકીલ પીપલોદવાલાએ ચુકવી આપવાનો અને સાથે સાથે અકીલ પીપલોદવાલાએ રૂા. ૧૫૦૦૦/ - પુરા ખર્ચ પેટે જિલ્લા કાનુની સેવા સતા મંડળમાં હુકમથી ૭ દિવસમાં ભરી દેવા અને જો તેના ભરે તો તેમની પાસેથી સરકાર વસુલી શકશે અને મહેરબાન ડિસ્ટ્રીકટ જજ તમામ હુકમો રદ કરી સરકારની અપીલ મંજુર કરેલ છે અને આ અપીલ મંજુર થતાં અને ઉપર મુજબ હુકમ થતાં પંચમહાલ જિલ્લામાં ગેરકાયદેસર રીતે રહેતાં પાકિસ્તાની અને વિદેશી નાગરિકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ સમગ્ર બાબતે કોર્ટ કમ્પાઉન્ડમાં ચર્ચા હતી કે હવે પોલીસ અને વહીવટી તંત્રએ સજાગ થઈ વિદેશી નાગરિકોને શોધીને દેશ બહાર મોકલી દેવા જોઈએ.


### ઓન લાઈન ટેન્ડરીંગ
### જાહેર નિવિદા નં.૧૧, સને.૨૦૨૨-૨૩

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત મા×મ વિભાગ, જિલ્લા પંચાયત ભવન જિલ્લા સેવા સદનની બાજુમાં, મહીસાગર લુણાવાડા ફોન નં.૦૨૬૭૪-૨૫૨૧૨૩ દ્વારા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી મકાનના કામના રૂા.૫.૦૦ લાખ થી રૂા.૧૮.૦૦ સુધીની કિંમતના ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડરના દસ્તાવેજો http://rnb.nprocure.com. વેબસાઈટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetenders.com ઉપર જોવા મળશે.

ટેન્ડર ઓપનીંગની છેલ્લી તારીખથી રજી.પો.એ.ડી. થી દિન-૭ માં અસલમાં ડીમાન્ડ ડ્રાફ્ટ/એફ.ડી.આર. કાર્યપાલક ઈજનેરશ્રી, મહિસાગરને રજુ કરવાના રહેશે.

**ઈટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.**

| | |
|---|---|
| ઓન લાઈન સબમીશનની છેલ્લી તારીખ | તા.૦૮/૦૮/૨૦૨૨ સમય ૧૮.૦૦ કલાક સુધી. |
| ટેન્ડર ઓપનીંગ (ઓનલાઈન) | તા.૧૦/૦૮/૨૦૨૨ સમય ૧૨.૦૦ |

કાર્યપાલક ઈજનેર
પંચાયત મા×મ વિભાગ,
લુણાવાડા, જી.મહીસાગર

માહિતી/ગોધરા/૩૨૪/૨૦૨૨



### -: મુદ્દ વધારો, જાહેર નિવિદા નં.૦૬ સને ૨૦૨૨.૨૩ :-
### જીલ્લા પંચાયત, મહીસાગર
### પંચાયત માર્ગ અને મકાન વિભાગ, લુણાવાડા

અત્રેની કચેરીના પત્ર જાનં.જી.પં./બકમ/ટીસી/વશી-૩૦૦/૨૦૨૨, તા.૦૭/૦૭/૨૦૨૨ અન્વયે પ્રસિધ્ધ કરેલ છે. જે વિગતવાર નિવિદામાં નીચે મુજબ મુદ્દત વધારો વાંચવો અન્ય શરતો યથાવત રહેશે.

| | |
|---|---|
| ઓન લાઈન સબમીશનની છેલ્લી તારીખ | તા.૨૦/૦૭/૨૦૨૨ સમય ૧૮.૦૦ કલાક સુધી. |
| ટેન્ડર ઓપનીંગ (ઓનલાઈન) | તા.૨૧/૦૭/૨૦૨૨ સમય ૧૨.૦૦ |

કાર્યપાલક ઈજનેર
પંચાયત મા×મ વિભાગ,
લુણાવાડા, જી.મહીસાગર

માહિતી/ગોધરા/૩૨૯/૨૦૨૨


## હાલોલ નગરમાં ચાલતી ભૂગર્ભ ગટર યોજનાને લઈને વડોદરા રોડ પર આવેલ મનુસ્મૃતિ સોસાયટી અને પાર્શ્વનાથ સોસાયટીના રહીશોને ભારે હાલાકી



હાલોલ,
હાલોલ નગરમાં છેલ્લા બે વર્ષથી ચાલતી ભૂગર્ભ ગટર યોજનાના કારણે હાલનો વિકાસ તો થયો પણ વરસાદ પડવાની સાથે જ અનેક સોસાયટીઓમાં ઠેર-ઠેર ગાબડા પડવાની સ્થિતિ યથાવત રહી જ્યારે વડોદરા રોડ પર આવેલ મનુસ્મૃતિ સોસાયટી અને પાર્શ્વનાથ સોસાયટી ની અંદર જવાના મેન માર્ગ પર કોન્ટ્રાક્ટર દ્વારા ખોદેલા ખાડાઓમાં માટી પુરવાના કારણે સોસાયટીના મેઈન રોડ ઉપર ઠેર ઠેર મોટા ગાબડા પડ્યા જેને લઈને સવારમાં કોન્ટ્રાકટર અને નગરપાલિકાના સત્તાધીશોની બેદરકારીના કારણે ટેમ્પો ટ્રાવેલ્સ ખાડામાં ખાપકી ટેમ્પો ટ્રાવેલ્સ ખાડામાં ફસાતા કોઈને જાન હાની નથી થઈ પણ ટેમ્પો ટ્રાવેલ્સ મોટા પ્રમાણમાં નુકસાન થયું. મનુસ્મૃતિ અને પાશ્વનાથ સોસાયટીના મેન રોડ પર કાદવ કિચડના લીધે સોસાયટીના રહીશોને અવરજવર કરવા માટે ભારે હાલાકી ભોગવી પડી રહી છે કોન્ટ્રાક્ટર અને નગરપાલિકાના પદ પર બેઠેલા અધિકારીઓના કારણે સોસાયટીના રહીશોને કાદવમાંથી પસાર થઈ જવાનો વારો આવ્યો છે. જ્યારે એવું કહી શકાય કે મનુસ્મૃતિ સોસાયટીમાં જવાનો રસ્તો ખોવાયો જ્યારે સોસાયટીમાં ઠેર-ઠેર ગંદકી જોવા મળી રહી છે સ્કૂલ વાન રિક્ષાઓ વાળાઓ સોસાયટીની અંદર આવતા જ હવે તો તે પણ ગભરાય છે જેને કારણે મનુસ્મૃતિ સોસાયટીના બાળકોને શાળામાં જવા માટે મેઈન રોડ સુધી કાદવ કિચડમાં રહીને બહાર ચાલીને આવવું પડે છે. સોસાયટીમા રહેતા તમામ નગર જનો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. તેવુ સોસાયટીઓના રહીશો દ્વારા આક્રોશ વ્યકત કરી જણાવેલ છે.